


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 285
Dt.: 26-06-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa





### રામ મંદિરમાં દાનની ચોરીના મામલે તપાસ ચાલી રહી છે

# PMOએ રામ મંદિરના દાનનો હિસાબ માગ્યો તો ટ્રસ્ટે તપાસનો હવાલો આપી ઈનકાર કરી દીધો

## PMOએ ભાજપ નેતા રજનીશ સિંહના પત્ર પર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રામ મંદિર ટ્રસ્ટ પાસે આવક-ખર્ચ, દાન અને બેંક ખાતાઓ અંગેની માહિતી માગી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા ચડાવવામાં આવેલા કરોડો રૂપિયાનું રોકડ દાન અને સોના-ચાંદીના દાગીનામાં હેરાફેરીનો મામલો હવે દેશના સૌથી મોટા નાણાકીય વિવાદો પૈકીનો એક બનતો જઈ રહ્યો છે. આ વચ્ચે હવે અયોધ્યાના રામ મંદિરમાં દાન અને ચઢાવામાં હેરાફેરી અને ચોરી મામલે નવો ખુલાસો થયો છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે વડાપ્રધાન કાર્યાલય (PMO) તરફથી જિલ્લા વહીવટીતંત્રને મોકલવામાં આવેલા પત્ર પર SIT તપાસનો હવાલો આપીને નાણાકીય માહિતી આપવાનો ઈનકાર કરી દીધો છે.

PMOએ અયોધ્યાના સ્થાનિક ભાજપ નેતા રજનીશ સિંહ દ્વારા લખવામાં આવેલા પત્ર પર જ્યારે જિલ્લા વહીવટીતંત્રે રામ મંદિર ટ્રસ્ટ પાસે આવક-ખર્ચ, દાન, બેંક ખાતાઓ, જમીનની લેણદેણ અને સંપત્તિ અંગેની માહિતી માગી તો ટ્રસ્ટે તપાસનો હવાલો આપીને પોતાની સંપત્તિની વિગતો આપવાનો ઈનકાર કરી દીધો છે.

ભાજપ નેતા રજનીશ સિંહે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના નાણાકીય વ્યવહારો, દાન-ચઢાવો અને જમીનની ખરીદ-વેચાણમાં ગેરરીતિઓને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. રજનીશ સિંહે PMO પાસે માગ કરી હતી કે મંદિર ટ્રસ્ટને નિર્દેશ આપવામાં આવે જેથી તે અત્યાર સુધીના નાણાકીય વ્યવહારો અને સંપત્તિની વિગતો જાહેર કરે.

રામ મંદિરમાં દાનની ચોરીના મામલાને લઈને ભાજપના સ્થાનિક નેતા ડૉ. રજનીશ સિંહે વડાપ્રધાન કાર્યાલયને બે વાર પત્ર લખ્યો હતો. રજનીશ સિંહે પહેલીવાર ૯ જૂનના રોજ વડાપ્રધાન કાર્યાલયને પત્ર લખ્યો હતો. તેમણે માગ કરી હતી કે મંદિર ટ્રસ્ટને તેના શરૂઆતથી જ તેના નાણાકીય વ્યવહારો અને સંપત્તિઓની તમામ વિગતો જાહેર કરવાનો નિર્દેશ આપવામાં આવે. ત્યારબાદ તેમણે ૧૨ જૂને બીજો પત્ર લખીને રામ મંદિરને આપવામાં આવેલા દાનને જાહેર કરવાની માગ કરી હતી. ૧૩ જૂને SITની રચના કરી દેવામાં આવી હતી.

ભાજપના નેતાના પત્રની નોંધ લેતા PMO એ ફરિયાદ અયોધ્યા જિલ્લા વહીવટીતંત્રને મોકલી. જિલ્લા વહીવટીતંત્રે આ મામલે શ્રી રામ મંદિર ટ્રસ્ટનો સંપર્ક કર્યો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૩ જૂને અયોધ્યાના એડીએમ (વહીવટ) વિશુ રાજાને લખેલા પત્રમાં એડીએમ (કાયદો-વ્યવસ્થા) ઈન્દ્રકાંત દ્વિવેદીએ કહ્યું કે તેમણે ફરિયાદમાં PMO દ્વારા માગવામાં આવેલી માહિતી માટે રામ મંદિર ટ્રસ્ટના ચંપત રાયનો સંપર્ક કર્યો હતો.

અયોધ્યા એડીએમ (કાયદો-વ્યવસ્થા) ઈન્દ્રકાંત દ્વિવેદીના જણાવ્યા પ્રમાણે ચંપત રાયે એવું કહીને કોઈપણ માહિતી આપવાનો ઈનકાર કરી દીધો કે, હાલમાં SIT તપાસ ચાલી રહી છે અને તપાસ પેનલ તમામ જરૂરી રેકોર્ડ અને માહિતી એકત્રિત કરી રહી છે. તેથી અત્યારે માગવામાં આવેલી માહિતી ન આપી શકાય.

ભાજપ નેતા રજનીશ સિંહ દ્વારા PMOને મોકલવામાં આવેલી ફરિયાદમાં "સમર્પણ નિધિ" અભિયાન દ્વારા એકત્રિત ભંડોળ, વિવિધ માધ્યમો દ્વારા પ્રાપ્ત દાન, સોના, ચાંદી અને દાગીનાના રૂપમાં યોગદાન, બેંક ખાતા અને નાણાકીય વ્યવહારો, જમીન ખરીદી અને વેચાણ, મંદિર નિર્માણ અને વહીવટ પર ખર્ચ અને ઓડિટ અને નિરીક્ષણ અહેવાલો સહિત અનેક વિગતો જાહેર કરવાની માગ કરવામાં આવી છે.

### હોટલ-રેસ્ટોરન્ટ માલિકોને મોટી રાહત

# કોમર્શિયલ LPG પર લગાવેલા પ્રતિબંધો સરકારે અંતે હટાવ્યા

## ઘરેલુ ઉત્પાદન વધવા અને આયાતના નવા વિકલ્પો સફળ થતાં સરકારે આ પ્રતિબંધો હટાવવાનો નિર્ણય લીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે દેશના ઔદ્યોગિક અને વ્યાવસાયિક એલપીજી ગ્રાહકોને એક મોટી રાહત આપતા સપ્લાય સાથે જોડાયેલા પ્રતિબંધોને પાછા ખેંચવાનો નિર્ણય લેવાયો છે. પશ્ચિમ એશિયામાં ઉદ્ભવેલા ભૂ-રાજકીય સંકટ બાદથી દેશમાં એલપીજી આયાત અને ઘરેલૂ ઉપલબ્ધતા પર ખૂબ પ્રેશર જોવા મળ્યું હતું. આ કારણથી સામાન્ય ઘરોમાં ઉપયોગ થનારા ડોમેસ્ટિક એલપીજીની કોઈ પણ અડચણ વિના સપ્લાય ચાલું રાખવા માટે માર્ચ ૨૦૨૬થી કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ સેક્ટર્સની એલપીજી ભાગીદારીમાં મોટો કાપ મૂક્યો હતો. હવે એલપીજીની કૂલ સપ્લાય સ્થિતિમાં આવેલા મહત્ત્વના સુધારા, ઘરેલુ ઉત્પાદન વધવા અને આયાતના નવા વિકલ્પો સફળ થતાં સરકારે આ પ્રતિબંધો હટાવવાનો નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ સચિવ ડો. નીરજ મિત્તલે આ સંબંધમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એક સત્તાવાર પત્ર જાહેર કરી નવી વ્યવસ્થાને તરત પ્રભાવી કરવાના નિર્દેશ આપ્યા છે. સરકારના આ પગલાથી એ તમામ સેક્ટર્સના ઉત્પાદન ખર્ચ અને ઈંધણની તંગી દૂર થશે, જે છેલ્લા કેટલાક મહિનાથી વૈકલ્પિક અને મોંઘા સાધનો પર નિર્ભર હતા.

આ નિર્ણય અંતર્ગત કોમર્શિયલ ઉપયોગમાં આવતા નોન ડોમેસ્ટિક પેક્ડ એલપીજી એટલે કે ૧૯ કિલોગ્રામવાળા સિલિન્ડરની સપ્લાય પર જેટલા પણ સેક્ટોરલ પ્રતિબંધ અથવા સીમા લગાવેલી હતી, તેને સંપૂર્ણપણે ખતમ કરી દીધી છે. હવે તમામ કોમર્શિયલ ડીલર્સ અને ડિસ્ટ્રીબ્યૂટર્સને પશ્ચિમ એશિયા સંકટથી પહેલાના સ્તર પર સંપૂર્ણ ક્ષમતા સાથે ગેસની સપ્લાય ફરીથી શરુ કરી દેવામાં આવી છે. તેનો સીધો ફાયદો હોટલ, રેસ્ટોરેન્ટ્સ, નાના ઢાબા, હોસ્પિટલો અને ફુડ પ્રોસેસિંગ યુનિટ્સને મળશે, જે ડાયરેક્ટ આ સિલિન્ડરનો ઉપયોગ કરે છે. સિલિન્ડર ઉપરાંત ફેક્ટરીઓ અને મોટા ઉદ્યોગોમાં ઉપયોગ થતા બલ્ક એલપીજીને લઈ પણ સરકારે મોટું પગલું ઉઠાવ્યું છે. સંકટની શરુઆતમાં આ બલ્ક સપ્લાયને સંપૂર્ણપણે સસ્પેન્ડ એટલે કે બંધ કરી દેવામાં આવી હતી. જેનાથી કેટલાય મેન્યૂફેક્ચરિંગ યુનિટના કામ પ્રભાવિત થઈ રહ્યા હતા.

હવે સ્થિતિ સુધરતા સરકારે તેમાં ઢીલ આપતા પ્રી ક્રાઈસિસ ઉપભોગ સ્તરના ૫૦ ટકા સુધીની બલ્ક સપ્લાય ફરીથી શરુ કરવાની પરમિશન આપી દીધી છે, જેનાથી ભારે ઉદ્યોગને મોટી નાણાકીય અને સંચાલનમાં રાહત મળશે. જો કે સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે સબસિડીવાળા ઘરેલૂ એલપીજી પર તેની કોઈ અસર થશે નહીં અને તેની પ્રાથમિકતા પહેલાની માફક જળવાઈ રહેશે.

# એન્ટીબાયોટિક્સ, ડાયાબિટિસ અને સ્કિન કેરની ૧૬ દવા સામે પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન્સ (FDC) એટલે કે બે કે તેથી વધુ દવાના ઘટકો મિક્સ કરીને બનાવવામાં આવતી ૧૬ દવાઓ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. સરકારે આ દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર તાત્કાલિક રોક લગાવવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે આ નિર્ણય લીધો છે. પ્રતિબંધિત દવાઓની યાદીમાં મુખ્યત્વે પેઈનકીલર્સ (દુખાવાની દવાઓ), તાવ અને સોજાની દવાઓ, સ્કીન કેર (ચામડીની સંભાળ), ડાયાબિટીસ અને એન્ટિબાયોટિક્સનો સમાવેશ થાય છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જુદાં જુદાં કોમ્બિનેશનથી બનાવેલી આ ૧૬ દવાઓ લેવાથી દર્દીઓને વાસ્તવમાં કોઈ તબીબી ફાયદો થતો નથી. 'ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડ' (DTAB) દ્વારા ગઠિત નિષ્ણાતોની સમિતિએ તપાસમાં શોધી કાઢ્યું છે કે આ દવાઓ માનવ સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. આમાં તાવ, સોજા અને દુખાવા માટે અવારનવાર વપરાતી એસેકલોફેનિક (Aceclofenac), પેરાસિટામોલ અને સરેટિયાપેપ્ટાડેઝના બિનજરૂરી મિશ્રણોનો પણ સમાવેશ થાય છે.

આધુનિક તબીબી વિજ્ઞાનનો સિદ્ધાંતઃ દવાના મિશ્રણમાં રહેલા દરેક ઘટકનો ચોક્કસ વૈજ્ઞાનિક હેતુ અને સાબિત થયેલો ફાયદો હોવો જ જોઈએ. વર્ષોથી આવી કેટલીક દવાઓ પૂરતા વૈજ્ઞાનિક પુરાવા વિના બજારમાં વેચાતી હતી. આ બિનજરૂરી કોમ્બિનેશનના કારણે દર્દીઓમાં આડઅસરો (Side effects) જોવા મળે છે, જેના લીધે તેમની સારવારનો ખર્ચ પણ બિનજરૂરી રીતે વધી જાય છે.






# ચેન્નાઈમાં ૩૦૦ નવી ડીઝલ અને CNG સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસોનું ઉદ્ઘાટન

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

મુખ્યમંત્રી થલપતિ વિજયે તમિલનાડુની જનતાને એક નવી ભેટ આપી છે. રાજ્યમાં ૩૦૦ નવી સ્ટેટ બસો શરૂ કરવામાં આવી છે, જેનું ઉદ્ઘાટન ખુદ CM વિજયે કર્યું છે. તેઓ બસમાં બેસીને શહેરની મુસાફરી કરતા પણ જોવા મળ્યા છે.

તમિલ સિનેમાના થલપતિ સી. જોસેફ વિજય હવે, રાજ્યના મુખ્યમંત્રી છે, જેઓ પોતાની જનતાના હિતમાં અનેક કાર્યો કરી રહ્યા છે. સીએમ વિજયને મુખ્યમંત્રી પદ સંભાળ્યાને હજુ થોડો જ સમય થયો છે, પરંતુ તેઓ સારું કામ કરવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. હવે તેમણે તમિલનાડુના લોકોને એક નવી ભેટ આપી છે. સીએમ થલપતિ વિજયે ચેન્નાઈમાં ૩૦૦ નવી ડીઝલ અને સીએનજી સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસોને લીલી ઝંડી બતાવી છે. તેમણે સચિવાલયથી આ બસોનું ઉદ્ઘાટન કરવાની સાથે-સાથે તેમાં મુસાફરી પણ કરી હતી, સાથેજ બસમાં બેસીને વિજયે દરેક નાની-મોટી વિગતોનું ધ્યાન રાખ્યું હતું. એટલું જ નહીં, તેમણે બસના કંડક્ટર સાથે પણ મુલાકાત કરી હતી.

છેલ્લા દોઢ મહિનામાં સીએમ વિજયે તમિલનાડુની જનતા માટે મોટા નિર્ણયો લીધા છે. જે દિવસે તેઓ સીએમ બન્યા, તે જ દિવસે તેમણે ૨૦૦ યુનિટ મફત વીજળી આપવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ તેમણે રાજ્યમાં મહિલા સુરક્ષા અને ડ્રગ માફિયાઓ સામે લડવા માટે મહત્વના પગલાં ભર્યા. વિજયે રોજગારી માટે પણ નવી પહેલ શરૂ કરી છે.

થલપતિ વિજયની પાર્ટીએ ૪ મે ૨૦૨૬ના રોજ ઐતિહાસિક જીત નોંધાવી હતી. તેમની પાર્ટીને ચૂંટણીમાં સૌથી વધુ વોટ મળ્યા હતા, પરંતુ બહુમતી સાબિત કરવા માટે તેમણે અન્ય પક્ષોનો સહારો લેવો પડ્યો હતો. ત્યારબાદ ૧૦ મેના રોજ તેમની પાર્ટી TVK એ તમિલનાડુમાં પોતાની સરકાર બનાવી. હવે વિજય પોતાના રાજ્યની જનતાના નાયક બન્યા છે, અને તેમની તનતોડ સેવા કરતા જોવા મળી રહ્યા છે. વિજયની છેલ્લી ફિલ્મ જન નાયગનની વાત કરીએ તો, તેની રિલીઝ છેલ્લા છ મહિનાથી અટકેલી છે. સેન્સર બોર્ડ તરફથી ફિલ્મને હજુ સુધી સર્ટિફિકેટ મળ્યું નથી, જેના કારણે તેની રિલીઝ પર હજુ પણ સસ્પેન્સ યથાવત છે. એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે, જ્યારે વિજય મુખ્યમંત્રી બનશે ત્યારે આ સમસ્યા દૂર થઈ જશે, પરંતુ હજુ સુધી આ અંગે કોઈ પોઝિટિવ અપડેટ સામે આવી નથી.

# ડોક્ટરો અને હોસ્પિટલો માટે સરકારનો મોટો નિર્ણયઃ નાની ભૂલો પર હવે જેલ નહીં, માત્ર દંડ થશે!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના હેલ્થ સેક્ટર માટે કેન્દ્ર સરકારે એક મોટો રાહતભર્યો નિર્ણય લીધો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૨૦૧૦માં મોટો સુધારો કર્યો છે. જન વિશ્વાસ અધિનિયમ-૨૦૨૬ હેઠળ કરાયેલા આ ફેરફાર મુજબ, હવે હોસ્પિટલો કે નાના ક્લિનિકો દ્વારા થતી વહીવટી અથવા કાગળની નાની ભૂલો પર જેલની સજા નહીં થાય. સરકારે આવી ભૂલો માટે હવે માત્ર વહીવટી સ્તરે આર્થિક દંડ વસૂલવાનું નક્કી કર્યું છે.

આ કાયદાને વ્યવહારુ બનાવવા માટે તેની પાંચ મુખ્ય કલમો ૪૦, ૪૧, ૪૩, ૪૪ અને ૪૬માં ફેરફાર કરાયા છે. તેમાંથી કલમ ૪૦, ૪૩ અને ૪૬માં કોર્ટ દ્વારા અપાતી સજા કે દંડ (Fine) શબ્દ હટાવીને વહીવટી દંડ શબ્દ ઉમેરાયો છે. આ ટેકનિકલ ફેરફારથી નાની ભૂલો હવે ગુનાહિત શ્રેણીમાં નહીં આવે અને કોર્ટના ચક્કર કાપવાને બદલે વહીવટી સ્તરે જ કેસનો નિકાલ થઈ શકશે.

કાયદાની કલમ ૪૪માં કરાયેલા સુધારા મુજબ, હવે નિયમોના ઉલ્લંઘન પર સીધી એકસરખી મોટી કાર્યવાહી કરવાને બદલે ભૂલની ગંભીરતા તપાસવામાં આવશે. નવા નિયમ હેઠળ નાની અને મોટી ભૂલો વચ્ચે સ્પષ્ટ તફાવત રાખીને તે મુજબ અલગ-અલગ દંડ નક્કી થશે. આનાથી કોઈપણ હોસ્પિટલ પર નાની માનવીય ભૂલ માટે અન્યાયી કે બહુ મોટો દંડ લાદી શકાશે નહીં.

# તંત્રી લેખ......

## ભારતની ડિજિટલ ક્રાંતિના વખાણ

અમેરિકાના વોશિંગ્ટનમાં દેશની ભાવિ પેમેન્ટ સિસ્ટમના આધુનિકીકરણને લઈને ચાલી રહેલી એક ઉચ્ચ સ્તરીય ચર્ચામાં ભારતની ડિજિટલ ક્રાંતિના વખાણ કરવામાં આવ્યા છે. અમેરિકી કાયદાનિષ્ણાંતો અને સાંસદોએ ભારતના યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)નું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, કઈ રીતે એક આધુનિક પબ્લિક પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાનગી ક્ષેત્રમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપી શકે છે. આ દરમિયાન ફિનટેક કંપનીઓએ અમેરિકી કોંગ્રેસને પેમેન્ટ નેટવર્ક પરના નિયમોમાં તાત્કાલિક સુધારો કરવા વિનંતી કરી છે.

હાઉસ ફાઈનાન્સિયલ સર્વિસીસ કમિટીની સબકમિટી ઓન ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન્સની બેઠકમાં આ મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી. આ સુનાવણી દરમિયાન સાંસદોએ તપાસ કરી હતી કે શું અમેરિકાએ તેના નિયમનકારી માળખાને આધુનિક બનાવવું જોઈએ. જેથી લાયક બિન-બેંક પેમેન્ટ કંપનીઓને પરંપરાગત બેંકિંગ મધ્યસ્થીઓ પર નિર્ભર રહેવાને બદલે ફેડરલ રિઝર્વના પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી સીધી પહોંચ મળી શકે.

વિશ્વવિખ્યાત ફિનટેક કંપની સ્ટ્રાઈપના વાઈસ ચેર ઈલીન ઓમારાએ સાંસદોને જણાવ્યું હતું કે, જે દેશોએ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી સીધી પહોંચ આપી છે, ત્યાં નોંધપાત્ર ઈનોવેશન જોવા મળ્યું છે. તેમણે આ બાબતમાં બ્રાઝિલ અને ભારત બંને દેશોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે,

"યુકેએ આ કામ ૨૦૧૭ માં અને યુરોપિયન યુનિયને ૨૦૨૪ માં કર્યું હતું, જેના પરિણામો વાસ્તવિક છે. પરંતુ ભારતમાં UPI સાથે આનાથી પણ મોટા પાયે આ જ ક્રાંતિ થતી આપણે જોઈ છે."

ઈલીન ઓમારાએ દલીલ કરી હતી કે અમેરિકા પાસે FedNow ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ છે ખરી, પરંતુ તેની પર કોઈ પ્રોડક્ટ લેયર નથી. ભારતના UPI જેવું પ્રોડક્ટ લેયર જો અમેરિકામાં લાવવું હોય તો સ્ટ્રાઈપ જેવી પેમેન્ટ કંપનીઓને સીધું એક્સેસ આપવું પડશે, જે ડિજિટલ પેમેન્ટના એડોપ્શનને ઝડપથી વધારી શકે છે. અમેરિકી કોંગ્રેસના મહિલા સભ્ય રશીદા તલૈબે પણ ભારતીય ડિજિટલ પેમેન્ટની સફળતાના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા સંચાલિત UPI દર મહિને અબજો ટ્રાન્ઝેક્શન પ્રોસેસ કરે છે. તેમણે યુએસ સિસ્ટમ સાથે તેની સરખામણી કરતા કહ્યું કે, ભારત અને બ્રાઝિલની સિદ્ધિઓ દર્શાવે છે કે લાખો યુઝર્સ માટે મોટા પાયે ફ્રી ઈન્સ્ટન્ટ ટ્રાન્ઝેક્શન સિસ્ટમ પહેલેથી જ એક વાસ્તવિકતા છે.

આ સુનાવણીમાં વોશિંગ્ટનમાં આધુનિક પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ અને પરંપરાગત બેંકિંગ સિસ્ટમની સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવા અંગે વ્યાપક ચર્ચા થઈ હતી. બંને પક્ષોના સભ્યો સંમત થયા હતા કે ડિજિટલ કોમર્સના વિસ્તરણ સાથે ઝડપી અને વધુ કાર્યક્ષમ પેમેન્ટ સિસ્ટમ વધુને વધુ મહત્વપૂર્ણ બની રહી છે.

### બજારભાવ કરતા ૪ ઘણી વાણીજય જંત્રી ચુકવવાની માંગ સાથે વ્રજવાણી થી નિકળશે ધ્વજા યાત્રા

# આજથી ગુજરાત કોંગ્રેસની આરપારની લડાઈ શરૂ: આજે ૨૬ જુન થી વ્રજવાણી અને સુરેન્દ્રનગરથી દ્વારકા સુધી નિકળશે ૪૦૦ કી.મી. ની ભવ્ય કિસાન પદયાત્રા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં વીજ લાઈનો અને થાંભલા નાંખવા મુદ્દે ખેડુતોમાં વ્યાપેલા વ્યાપક અસંતોષ વચ્ચે ગુજરાત કોંગ્રેસે અન્નદાતાઓના ન્યાય માટે એક બહુ મોટો રાજકીય અને સામાજિક નિર્ણય લીધો છે. કિસાન કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા આજે તારીખ ૨૬ જુન થી રાજયમાં કિસાન અધિકાર પગપાળા યાત્રા-૨ નો ધમાકેદાર પ્રારંભ થવા થઈ જઈ રહ્યો છે.

આ અંગે અમદાવાદ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસના દિગ્ગજ ખેડુત નેતાઓએ જાહેરાત કરી હતી કે ભાજપ સરકાર સામે ખેડુતોનો અવાજ બુલંદ કરવા માટે હવે તેઓ સીધા દ્વારકાધીશના શરણોમાં જઈને કાળીયા ઠાકોરને ન્યાય માટે આજીજી કરશે. કોંગ્રેસના ફાયરબ્રાન્ડ ખેડુત નેતા પાલ આંબલીયાએ પ્રેસ કોન્ફરન્સમાં આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે ખેડુત અને ગામડુ એ કોંગ્રેસના ડીએનએમાં છે. ખાનગી કંપનીઓ દ્વારા ખેતરોમાં નાંખવામાં આવતી વીજ લાઈનો સામે તેઓ વર્ષ ૨૦૧૭ ના પ્રથમ પરીપત્ર થી જ સતત જમીન સ્તરે લડી રહ્યા છે. કિસાન કોંગ્રેસે અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ ગામડાઓની મુલાકાત લઈને પીડીત ખેડુતો સાથે સીધો સંવાદ સાધ્યો છે. રાજયના ૬ જેટલા જિલ્લાઓમાં ખેડુતોને વહિવટી તંત્ર દ્વારા નોટીસો ફટકારાતા અગાઉ ગાંધીનગર ખાતે




ભવ્ય રેલી પણ કાઢવામાં આવી હતી. કોંગ્રેસની સ્પષ્ટ માંગ છે કે વીજ લાઈનોને કારણે ખેડુતોને થતા નુકશાનના બદલામાં સરકારે બજારભાવ કરતા ૪ ઘણી વાણીજય જંત્રી (કોર્મશીયલ જંત્રી) મુજબ વળતર ચુકવવુ જોઈએ. આ ન્યાય મેળવવા માટે આજે તારીખ ૨૬ જુન થી કચ્છના ઐતિહાસિક વ્રજવાણી થી પવિત્ર ધ્વજાજી સાથે યાત્રા પસ્થાન કરશે, આ પ્રસંગે કોંગ્રેસના વરીષ્ઠ નેતા લાલજી દેસાઈએ સત્તાધારી પક્ષ ભાજપ પર પ્રહારો કરતા સનસનાટીભર્યા આક્ષેપો કર્યા હતા કે ભાજપ સરકાર ૧૩૩ ગીગાવોટ વીજ લાઈનો પસાર કરવાના બહાને ગુજરાતના અન્નદાતાઓને બરબાદ કરવા બેઠી છે. આગામી સમયમાં રાજયના ખુણે ખુણે થી ૧૦૦ થી વધુ નવી હાઈટેન્શન વીજ લાઈનો કાઢવાની તૈયારીઓ ચાલી રહી છે. સરેરાશ એક લાઈન માટે ૧૫૦૦ થાંભલા ગણીઓ તો પણ આખા ગુજરાતમાં અંદાજે ૧.૫૦ લાખ જેટલા નવા તોતીગ થાંભલાઓ ખેડુતોની કિંમતી જમીનો છીન્નભીન્ન કરીને ઉભા કરી દેવાશે, તેમણે ભુતકાળને યાદ અપાવતા કહ્યુ હતુ કે કેન્દ્રની મનમોહનસિંહ સરકારે એક જ ઝાટકે દેશના ખેડુતોના કરોડો રૂપીયાના દેવા માફ કરી દીધા હતા. જયારે વર્તમાન સરકાર ખેડુતોને લુંટવાનુ કામ કરી રહી છે.

આ ભવ્ય આંદોલન અંતર્ગત બે અલગ અલગ સ્થળોએથી પદયાત્રા યોજાશે. પ્રથમ મુખ્ય યાત્રા કચ્છના વ્રજવાણી થી શરૂ થઈને અંદાજે ૪૦૦ કિ.મી. નુ લાંબુ અંતર કાપીને દ્વારકા પહોચશે. જયારે બીજી પુરક પદયાત્રા સુરેન્દ્રનગર જિલ્લામાંથી શરૂ થશે, જે અંદાજે ૧૫૦ કિ.મી. નુ અંતર કાપીને દ્વારકા નગરી ખાતે વિરામ લેશે. કોંગ્રેસના નેતાઓએ મકકમતાપૂર્વક જણાવ્યુ હતુ કે જયાં સુધી ગુજરાતના એક એક ખેડુતને તેનો કાયદેસરનો હકક અને યોગ્ય વળતર નહી મળે ત્યાં સુધી આ લડત ચાલુ જ રહેશે. દ્વારકાધીશના મંદિરે શીશ ઝુકાવીને ભગવાન કૃષ્ણ પાસે એવી વિશેષ પ્રાર્થના કરવામાં આવશે કે પ્રભુ આ સરકારને સદબુધ્ધિ આપે, જેથી તેઓ જગતના તાતની આંતરડી ઠારવાનુ કામ કરે.

# ‘કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬’ સંપન્ન: રાજ્યભરમાંથી ત્રણ દિવસ દરમિયાન કુલ ૧૬.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં કરાવ્યું નામાંકન

### ત્રીજા દિવસે ૮,૨૮૭ ગામો અને કુલ ૧૨,૪૯૫ શાળાઓ બની શિક્ષણ ઉત્સવની સાક્ષી: રાજ્યભરમાંથી દાતાઓશ્રી દ્વારા રોકડ અને વસ્તુ સ્વરૂપે કુલ રૂ. ૨૮.૯૭ કરોડથી વધુનું દાન

રાજ્યમાં શિક્ષણના મહાયજ્ઞ સમાન ત્રિદિવસીય ‘કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬’ ઉત્સાહભેર સંપન્ન થયો છે. જેમાં રાજ્યભરમાંથી ત્રણ દિવસ દરમિયાન કુલ ૧૬.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં નામાંકન કરાવીને શિક્ષણના આ અભિયાનમાં સહભાગી થયા છે. પ્રવેશોત્સવના છેલ્લા દિવસે એટલે કે તા. ૨૫ જૂનના રોજ રાજ્યભરમાં કુલ ૮,૨૮૭ ગામો અને ૧૨,૪૯૫ શાળાઓમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોના સ્વાગત માટે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ ૨૭,૯૫૯ મહાનુભાવો વિવિધ શાળાઓની મુલાકાત લઈને વિદ્યાર્થીઓનો પ્રવેશ માટે ઉત્સાહ વધાર્યો હતો. આમ, તા. ૨૩ થી ૨૫, જૂન ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસમાં રાજ્યભરમાં કુલ ૨૫,૬૨૫ ગામો અને ૩૭,૨૧૧ શાળાઓને આવરી લેવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન તેમજ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તથા શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજાના નેતૃત્વ હેઠળ રાજ્યનો એક પણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. શિક્ષણના આ મહાપર્વ દરમિયાન નવી પેઢીના લાખો બાળકોએ શાળામાં પ્રવેશ મેળવી રેકોર્ડબ્રેક નામાંકન નોંધાવ્યું છે. આજે પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડી અને બાલમંદિરમાં ૬૨ હજારથી વધુ બાળકોએ અક્ષરજ્ઞાનનો શ્રીગણેશ કર્યો હતો. બાલવાટિકામાં કુલ ૧.૪૬ લાખ કરતાં વધુ નવા નામાંકન નોંધાયા છે. આ ઉપરાંત ધોરણ-૧માં ૩૪ હજારથી વધુ, ધોરણ-૯માં ૧.૭૯ લાખથી વધુ, ધોરણ-૧૧માં ૯૧,૬૧૩ જેટલા વિદ્યાર્થીઓ તેમજ ‘Back to School Survey’ મુજબ ૨૫,૦૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પ્રવેશ મેળવી શાળા પ્રવેશોત્સવને ખરા અર્થમાં સફળ બનાવ્યો છે. તદુપરાંત આજે રાજ્ય સરકાર દ્વારા ૯૯૯ જેટલી શાળાઓમાં નવીન પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત કન્યા કેળવણીને વધુ વેગ આપવા માટે પ્રવેશોત્સવ દરમિયાન રાજ્યની ૩,૯૩૫ જેટલી પ્રતિભાશાળી કન્યાઓને ‘વિદ્યાલક્ષ્મી બોન્ડ’ અર્પણ કરીને તેમને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

રાજ્યની ઉદાર જનતાએ આ શિક્ષણ યજ્ઞને લોકોત્સવનું સ્વરૂપ આપીને ખુલ્લા હાથે સહયોગ આપ્યો છે. આ અભિયાન દરમિયાન લોકભાગીદારી સ્વરૂપે કુલ રૂ. ૧૦.૭૧ કરોડ કરતાં વધુની માતબર સહાય પ્રાપ્ત થઈ હતી. તેમાં રૂ. ૧.૫૨ કરોડ કરતાં વધુ રોકડ સ્વરૂપે તેમજ રૂ. ૯.૧૮ કરોડ કરતાં વધુના મૂલ્યના વિવિધ શૈક્ષણિક સાધનો શાળાઓને ભેટરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. આમ ત્રણ દિવસ દરમિયાન દાતાઓશ્રી દ્વારા રાજ્યભરમાંથી રોકડ અને વસ્તુ સ્વરૂપે કુલ રૂ. ૨૮.૯૭ કરોડથી વધુનું દાન આપીને શિક્ષણના આ યજ્ઞને વધુ વેગ આપ્યો છે.

‘કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬’ માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ શિક્ષણ પ્રત્યેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા, સમાજની સહભાગિતા અને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ ગુજરાતના મજબૂત સંકલ્પનું જીવંત પ્રતિક બની રહ્યું છે. ગુજરાતમાં સાક્ષરતાનો દર વધારવા અને રાજ્યના દરેક બાળકનું ૧૦૦ ટકા નામાંકન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે ‘કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬’ની ૨૪મી કડીનો તા. ૨૩ જૂનના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વડનગરની ઐતિહાસિક બી.એન. હાઈસ્કૂલથી રાજયવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ શૈક્ષણિક મહાપર્વની શરૂઆત કરવામાં આવી, જ્યાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનું શાળા શિક્ષણ મેળવ્યું હતું. - જીગર બારોટ

### હથિયારો સાથે તસ્કરો CCTVમાં કેદ

# મકરપુરાની સોસાયટીમાં એક સાથે ૫ મકાનોના તાળા તૂટ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી ગ્રીન પાર્ક સોસાયટીમાં મોડી રાત્રે કુખ્યાત ’ચડ્ડી-બનિયાન ગેંગ’ના તસ્કરોએ ભારે આતંક મચાવ્યો હતો. આ શાતિર ગેંગની ટોળકીએ સોસાયટીમાં ઘૂસીને એક જ રાતમાં એકસાથે ૫ જેટલા મકાનોના તાળા તોડી ધાડ પાડી હતી. આ સામૂહિક ચોરીની ઘટનાને પગલે સમગ્ર સોસાયટી સહિત આસપાસના વિસ્તારોમાં ભારે અરેરાટી અને ભયનો માહોલ વ્યાપી ગયો છે.

આ આખી ઘટના સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં જોઈ શકાય છે કે ગેંગના સાગરીતો પરંપરાગત ચડ્ડી-બનિયાન પહેરીને, અવાજ ન થાય તે માટે હાથમાં ચપ્પલ પકડીને સોસાયટીની ગલીઓમાં રેકી કરી રહ્યા છે. એટલું જ નહીં, તસ્કરોના હાથમાં તીક્ષ્ણ અને જોખમી હથિયારો પણ સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. હથિયારધારી તસ્કરોની આ હિલચાલ જોઈને સ્થાનિક રહીશોમાં પોતાની સુરક્ષાને લઈને ભારે ચિંતા અને ફફડાટ ફેલાયો છે કે જો કોઈ જાગી ગયું હોત તો મોટી જાનહાનિ પણ થઈ શકી હોત. મકરપુરા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ગ્રીન પાર્ક સોસાયટી ખાતે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને એફએસએલ તેમજ ફિંગરપ્રિન્ટ નિષ્ણાતોની મદદથી સ્થળ પરથી જરૂરી વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસે સોસાયટીના સીસીટીવી ફૂટેજ પોતાના કબજામાં લઈ તેના આધારે તસ્કરોની ઓળખ મેળવવા અને તેમને ઝડપી પાડવા માટે જુદી-જુદી ટીમો બનાવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સ્થાનિક લોકોએ વહેલી તકે આ ગેંગને પકડી પાડી વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૨૫/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૯૦ | ૧,૩૦૦.૦૦ | ૧,૮૭૦.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૩૮૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૩ | ઘઉં | ૩૫૧ | ૪૮૦.૦૦ | ૫૩૬.૦૦ |
| ૪ | બાજરી | ૧૫૦ | ૪૫૦.૦૦ | ૪૬૪.૦૦ |
| ૫ | મકાઇ | ૩૫ | ૪૬૦.૦૦ | ૪૮૦.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૬૫ | ૧,૩૭૬.૦૦ | ૧,૫૫૦.૦૦ |
| ૭ | મગ | ૨૫ | ૧,૪૦૫.૦૦ | ૧,૬૦૧.૦૦ |
| ૮ | સોયાબીન | ૧૩ | ૧,૩૧૨.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

### તા.૨૬ જૂન: આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ:

# પાંચ વર્ષમાં ગુજરાત પોલીસે રૂ.૧૩,૬૦૦ કરોડનું ડ્રગ્સ માત્ર ગુજરાત જ નહીં, અન્ય રાજ્યના યુવાધનના હાથમાં જતા પણ અટકાવ્યું

૨૬મી જૂન એટલે કે ’આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ’. સૌથી લાંબી દરિયાઈ સીમા ધરાવતા રાજ્ય ગુજરાતને ડ્રગ ફ્રી સ્ટેટ બનાવવા અને ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના સબળ અને આક્રમક નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ સંકલ્પબદ્ધ છે. માફીયાઓના ડ્રગ્સની હેરાફેરી કરવા માટેના નીતનવા કાવતરાને આપણી ગુજરાત પોલીસ અને સુરક્ષા એજન્સી નિષ્ફળ કરી નાંખે છે. ગુજરાત પોલીસની આક્રમક કામગીરીના પરિણામે આજે ડ્રગ્સનો કારોબાર કરતા માફીયાઓ ગુજરાત માર્ગે અન્ય રાજ્યમાં પોતાનો માલ લઈ જતા પણ ધ્રુજી રહ્યા છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી જણાવે છે. રાજ્યમાં નશાના કારોબારને ડામવામાં કરવામાં આવેલી છેલ્લા પાંચ વર્ષની વિગતો આપતા રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે ડ્રગ્સ માફિયાઓ સામે ’ઝીરો ટોલરન્સ’ની નીતિ માત્ર કાગળ પર નહીં, પણ વાસ્તવિક ધરાતલ પર કડકાઈથી અમલી બનાવી છે. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ડ્રગ્સની હેરાફેરી અને વેપાર વિરુદ્ધ ૩,૭૦૦ થી વધુ કેસ નોંધીને નશાના કાળા કારોબાર સાથે જોડાયેલા ૫,૩૪૬ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. આ વ્યૂહાત્મક ઓપરેશન્સ અંતર્ગત પોલીસે આશરે રૂ. ૧૩,૬૦૦ કરોડથી વધુ કિંમતનો ૧.૩૬ લાખ કિલોગ્રામથી વધુનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરીને આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છે.

★ગુજરાતની ક્રાંતિકારી ’ડ્રગ રિવોર્ડ પોલિસી’ અને પોલીસને ’આઉટ ઓફ ટર્ન’ પ્રમોશન નીતિ થકી ખાસ પ્રોત્સાહન

કોઈપણ જંગ ત્યારે જ જીતી શકાય છે જ્યારે લડનારા સૈનિકોનો જુસ્સો આસમાને હોય. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાત દેશનું એવું પ્રથમ રાજ્ય બન્યું છે જેણે સત્તાવાર રીતે ‘ડ્રગ રિવોર્ડ પોલિસી’ અમલી બનાવી છે. આ નીતિ હેઠળ ડ્રગ્સના મોટા નેટવર્કને ખુલ્લા પાડનારા અને કરોડોનો જથ્થો પકડનારા બાહોશ પોલીસ અધિકારી કર્મચારીઓ તેમજ ચોક્કસ બાતમી આપનારા સામાન્ય નાગરિકો-બાતમીદારોને આર્થિક પ્રોત્સાહન આપવામાં આવે છે. એટલું જ નહીં, પરંપરાગત મર્યાદાઓથી ઉપર ઉઠીને, પોતાના જીવના જોખમે આંતરરાષ્ટ્રીય ડ્રગ રેકેટનો પર્દાફાશ કરનારા પોલીસ અધિકારી કર્મચારીઓ માટે સરકારે ‘આઉટ-ઓફ-ટર્ન પ્રમોશન’ આપવાની ઐતિહાસિક નીતિ અપનાવી છે. આ ક્રાંતિકારી પગલાથી પોલીસ વિભાગના જુસ્સામાં વધારો થયો છે. જેના પરિણામે હવે દરેક સ્તરનો પોલીસકર્મી આ લડાઈમાં સક્રિયપણે જોડાઈ ગયો છે.

★AI આધારિત 'NARIT' સોફ્ટવેર અને કોન્વિક્શન રેટ વધારવાનો લક્ષ્યાંક

આધુનિક યુગના ડ્રગ માફિયાઓ ડિજિટલ અને અત્યાધુનિક નેટવર્કનો ઉપયોગ કરે છે, ત્યારે તેમની સામે જીતવા માટે ગુજરાત પોલીસે પણ હાઈટેક હથિયાર અપનાવ્યું છે. ડ્રગ્સના ગુનેગારોની પ્રોફાઈલિંગ અને કનેક્શન ટ્રેકિંગ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ‘NARIT’ સોફ્ટવેર તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

આ સોફ્ટવેરની મદદથી પકડાયેલા ગુનેગારોના ભૂતકાળના રેકોર્ડ્સ, તેમના આંતરરાષ્ટ્રીય કનેક્શન્સ, નાણાકીય વ્યવહારો અને ડાર્ક વેબના તારને સેકન્ડોમાં સ્કેન કરીને ઈન્ટેલિજન્સ ડેટાબેઝ તૈયાર કરવામાં આવે છે. તપાસમાં માત્ર સ્થાનિક પેડલર સુધી સીમિત ન રહેતા, ગુનાના મૂળ સુધી પહોંચવા માટે ‘ટોપ ટૂ બોટમ એપ્રોચ’ અપનાવાયો છે. NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ) હેઠળના કેસોને કોર્ટમાં વધુ મજબૂત બનાવવા, ગુનેગારોને કોર્ટમાંથી કડકમાં કડક સજા અપાવવા અને રાજ્યનો કન્વિક્શન રેટ વધારવા માટે ચાર્જશીટ અને સાયન્ટિફિક પુરાવાઓ આ સોફ્ટવેર દ્વારા એનાલાઈઝ કરવામાં આવે છે.

★ડ્રગ્સ વિરુદ્ધ વ્યુહાત્મક એક્શન પ્લાન :

★ANTF ની સ્થાપના★: ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય તાર અને સપ્લાય ચેઈનને તોડવા ખાસ ’એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ’ કાર્યરત કરવામાં આવી છે.

★સ્થાનિક પોલીસને સત્તા: રાજ્યના પોલીસ વડા શ્રી જી.એસ. મલિકની સૂચનાથી હવે માત્ર SOG કે ATS જ નહીં, પરંતુ સ્થાનિક પોલીસ સ્ટેશન પણ નાર્કોટિક્સના કેસ કરી તેની સીધી તપાસ કરી શકશે.

★માઈક્રો-લેવલ એન્ટી-નાર્કોટિક્સ સેલ: ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના છેવાડાના ગામડાઓ સુધી નશાનો વ્યાપ રોકવા દરેક જિલ્લામાં ડેડિકેટેડ સેલની રચના કરવા કવાયત હાથ ધરવામાં આવી છે. ગુજરાત પોલીસની સક્રિયતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં જ્યાં રાજ્યમાં નાર્કોટિક્સના માત્ર ૩૧૫ કેસ નોંધાયા હતા જ્યારે આ ચાલુ વર્ષે માત્ર પાંચ જ મહિનામાં ૫૮૪ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યામાં થયેલો આ વધારો ડ્રગ્સનો વ્યાપ વધ્યો હોવાનું નહીં, પરંતુ પોલીસની સર્વેલન્સ અને રેડ કરવાની ક્ષમતા તથા ‘ઝીરો ટોલરન્સ’ નીતિ હેઠળ વધુમાં વધુ ગુનાઓ શોધી કાઢવાની આક્રમકતા દર્શાવે છે.

★નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનો માનવીય અભિગમ:

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના મતે, "આ લડાઈ માત્ર ગુનેગારોને પકડવા પૂરતી સીમિત નથી, પરંતુ નશાના દલદલમાં ધકેલાઈ ગયેલા રાજ્યના યુવાધનને સુરક્ષિત બહાર કાઢવાની પણ છે." આ વિચારધારા સાથે રાજ્ય સરકાર ગુનેગારો સામે વજ્ર જેવી કડક હોવાની સાથે-સાથે નશાના ભોગ બનેલા યુવાનો માટે અત્યંત સંવેદનશીલ છે. જે અંતર્ગત વ્યસનમુક્તિ કેન્દ્રને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવાયા છે. તેઓ પુનઃ સન્માનભેર સમાજની મુખ્ય ધારામાં જોડાઈ શકે તે માટે યુવાનોને યોગ્ય કાઉન્સિલિંગ અને તબીબી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસના અવસરે ગુજરાત પોલીસની આ આક્રમક નીતિઓ, ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ અને સરકારનો મક્કમ ઈરાદો દેશભરના રાજ્યો માટે એક રોલ મોડેલ બન્યું છે. ગુજરાત ‘ડ્રગ-ફ્રી સ્ટેટ’ બનવાની દિશામાં અવિરત અને મક્કમ પગલે આગળ વધી રહ્યું છે. - ઋચા રાવલ

# બૂલેટચાલકે રોમિયોગીરી કરવા જતાં ૧૧ વર્ષની વિદ્યાર્થિનીને અડફેટે લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

હળવદ તાલુકાના જુના દેવળિયા ગામે બુલેટ ચાલક યુવકોની લુખ્ખાગીરી અને અડફેટે ૧૧ વર્ષીય માસૂમ વિદ્યાર્થિનીના મોતના મામલે સમગ્ર પંથકમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ કરુણ ઘટનાના વિરોધમાં અને દીકરીઓને ન્યાય અપાવવા માટે આજે ગામની મહિલાઓ રસ્તા પર ઉતરી આવી છે. મહિલાઓએ દેવળિયાથી ચરાડવા જતા મુખ્ય માર્ગ પર ચક્કાજામ કરી ઉગ્ર પ્રદર્શન કર્યું હતું, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો.

ઘટનાની વિગત એવી છે કે, ગઈકાલે શાળાએથી ઘરે પરત ફરી રહેલી ધોરણ-૬ની ચાર વિદ્યાર્થિનીઓને એક બુલેટ પર સવાર ત્રણ યુવકોએ અડફેટે લીધી હતી. આ ગંભીર અકસ્માતમાં ૧૧ વર્ષીય રોશની મનીષભાઈ ઠાકોરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ બાળાઓ—અંકિતા ઠાકોર (૧૨ વર્ષ), રીના ઠાકોર (૧૧ વર્ષ) અને જાનવી ઠાકોર (૧૨ વર્ષ) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હળવદ અને જેતપરની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આ અકસ્માત માત્ર એક સાદો અકસ્માત ન હોવાનો સ્થાનિક મહિલાઓએ ગંભીર આક્ષેપ કર્યો છે. વિરોધ કરી રહેલી મહિલાઓના જણાવ્યા મુજબ, અકસ્માત સર્જનાર યુવક છેલ્લા બે-ત્રણ દિવસથી શાળાએ જતી દીકરીઓનો પીછો કરતો હતો અને બાઈક ચલાવીને ઈશારા કરી હેરાનપરેશાન કરતો હતો. રોષે ભરાયેલી મહિલાઓએ દીકરીઓની સુરક્ષા માટે જવાબદાર તંત્ર પાસે રોમિયોગીરી કરતા તત્વો સામે દાખલારૂપ અને કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. બીજી તરફ, મૃતક બાળાના પરિવારજનોએ સ્થાનિક પોલીસની કામગીરી સામે અત્યંત ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. પરિવારના જણાવ્યા અનુસાર, અકસ્માત સર્જી દીકરીનો જીવ લેનાર આરોપીઓએ પોલીસ સાથે સાંઠગાંઠ કરી લીધી છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# અમદાવાદ મંડળના ડીઆરએમ એ સાબરમતીમાં આરઓએચ ડેપો અને સ્ટેશન પુનઃવિકાસ કામોનું કર્યું ગહન નિરીક્ષણ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશ એ સાબરમતી ખાતે આવેલ રૂટિન ઓવરહોલિંગ (ROH) વેગન ડેપો તથા સાબરમતી રેલવે સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કામોનું વિગતવાર નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે માલગાડીના વેગનોના જાળવણી કામોની સમીક્ષા કરી, ઉપલબ્ધ સુવિધાઓનું મૂલ્યાંકન કર્યું તથા સ્ટેશન પુનઃવિકાસ પરિયોજનાની પ્રગતિની વિગતો મેળવી.



**આરઓએચ ડેપોમાં જાળવણી વ્યવસ્થાની સમીક્ષા કરી**

નિરીક્ષણ દરમિયાન ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ શેડમાં ઉપલબ્ધ જાળવણી સંસાધનો તેમજ મશીનોનું નિરીક્ષણ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં જાળવણી કામો માટે જરૂરી સંસાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ભવિષ્યમાં નવા એન્ડ ઓફ ટ્રેન (EOT) ક્રેન સ્થાપિત કરવાને ધ્યાનમાં રાખીને શેડને વધુ મજબૂત બનાવવાની યોજના પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

ડીઆરએમ દ્વારા સાબરમતી આરઓએચ ડેપોમાં જાળવણી સંસાધનો અને મશીનોની બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે અધિકારીઓ પાસેથી વર્તમાનમાં ઉપલબ્ધ ૬૮ આરઓએચ અને ૬૭ સિક લાઈન વેગનોની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. તેમણે એક બીએફકેએચએન (BFKHN) વેગનના સેન્ટર બફર કપલર (CBC) ના જાળવણી કામનું નિરીક્ષણ કર્યું હતું તથા કર્મચારીઓ પાસેથી જાળવણી પ્રક્રિયાની માહિતી મેળવી હતી. નિરીક્ષણ દરમિયાન કર્મચારીઓની ટેકનિકલ કાર્યક્ષમતા સંતોષકારક જોવા મળી હતી.

**સુરક્ષા તેમજ જાળવણી સુવિધાઓની સમીક્ષા**

નિરીક્ષણ દરમિયાન ઈઓટી ક્રેનની ચેઈન ટેસ્ટિંગ વ્યવસ્થા, ઈલેક્ટ્રિક એર કમ્પ્રેસર, એર રિઝર્વોયર ટેંક, સ્ટોર રૂમ, યાર્ડ ઈન્ચાર્જ ઓફિસ, ટીએક્સઆર ઓફિસ, લોકર રૂમ, યાર્ડ સ્ટોર તથા અન્ય સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્ટોરની સુવ્યવસ્થિત ગોઠવણ તેમજ સામગ્રીની જાળવણીની પ્રશંસા કરવામાં આવી હતી.

**કામગીરીમાં સુધારા માટે આપ્યા જરૂરી નિર્દેશો**

ડીઆરએમ એ વેગનોની સમયસર જાળવણી, સામગ્રીની ઉપલબ્ધતા, શેડમાં વેગનોના સમયબદ્ધ પ્લેસમેન્ટ, જાળવણી કામોમાં પરસ્પર સંકલન તેમજ સંસાધનોના ઉત્તમ ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સામગ્રીની અછત, વેગનોના બિનજરૂરી રોકાણ તેમજ યાર્ડની કામગીરી સંબંધિત સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે સંબંધિત અધિકારીઓને જરૂરી નિર્દેશો આપ્યા હતા.

નિરીક્ષણ દરમિયાન યાર્ડની લાઈટિંગ વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. અપૂરતા પ્રકાશને ધ્યાનમાં રાખીને સંબંધિત વિભાગને જરૂરી માપદંડો મુજબ લાઈટિંગ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાના નિર્દેશો આપવામાં આવ્યા હતા. આ સાથે જ લાઈન નંબર ૫ અને ૬ ની વચ્ચે પાકા રસ્તાના નિર્માણ, ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો તથા વેગન ટેસ્ટિંગ ટીમોના નિષ્ક્રિય સમયને ઘટાડવા માટે બહેતર ઓપરેશનલ પ્લાન બનાવવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**સાબરમતી સ્ટેશન પુનઃવિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા**

ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ સાબરમતી રેલવે સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કામોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે હાઈ રૂફ ટ્રસના લોન્ચિંગ, પ્લેટફોર્મ પર ચાલી રહેલા બાંધકામ, યાત્રીઓની સુવિધાઓ તેમજ વિવિધ વિકાસ કામોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

ડીઆરએમ દ્વારા બાંધકામ એજન્સી અને સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા હતા કે બાકી રહેલા હાઈ રૂફ ટ્રસ નિર્ધારિત સમયસીમામાં સ્થાપિત કરવામાં આવે તેમજ ટ્રસ લોન્ચિંગની સાથે-સાથે ફિનિશિંગ અને સુશોભનનું કામ પણ સમાંતર રીતે કરવામાં આવે જેથી પરિયોજના સમયબદ્ધ રીતે પૂર્ણ થઈ શકે.

**યાત્રીઓની સુવિધાઓને પ્રાથમિકતા આપવાના નિર્દેશ**

નિરીક્ષણ દરમિયાન પ્લેટફોર્મ નંબર-૧ પર વૈકલ્પિક પેસેન્જર શેડ ઉપલબ્ધ કરાવવા, અસ્થાયી શેડને ચોમાસાને અનુરૂપ મજબૂત બનાવવા તેમજ યાત્રીઓની સુવિધાઓ અવિરત જાળવી રાખવાના નિર્દેશો આપવામાં આવ્યા હતા. આ સાથે જ પ્લેટફોર્મ નંબર-૨ અને ૩ ના તમામ પુનઃવિકાસ કામો ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં તથા પ્લેટફોર્મ નંબર-૧ સહિત સર્ક્યુલેટિંગ એરિયા, કોનકોર્સ તેમજ અન્ય યાત્રીઓની સુવિધાઓના કામો સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાના નિર્દેશો અપાયા હતા.

**સ્ટેશન બિલ્ડિંગના સુશોભન અને આધુનિકીકરણ પર ભાર**

ડીઆરએમ એ નવા સ્ટેશન માસ્ટર રૂમ, વીઆઈપી રૂમ અને પ્રવેશદ્વાર (કેનોપી) ની ડિઝાઈનમાં જરૂરી સુધારા-વધારા કરવાની સાથે-સાથે સ્ટેશનના આધુનિક અને આકર્ષક સ્વરૂપ પર ભાર મૂક્યો હતો. તેમણે બુલેટ ટ્રેન બિલ્ડિંગ તરફ જતા પ્રવેશ માર્ગના બહેતર વિકાસ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. શ્રી વેદ પ્રકાશે તમામ સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા કે તેઓ વિવિધ વિભાગો વચ્ચે બહેતર સંકલન સ્થાપિત કરે અને નિર્ધારિત સમયસીમામાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત કામ સુનિશ્ચિત કરે.

**સમયબદ્ધ કામ પૂર્ણ કરવા પર આપ્યો વિશેષ ભાર**

નિરીક્ષણ દરમિયાન ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ સંબંધિત અધિકારીઓને તમામ વિકાસ અને જાળવણી કામો નિર્ધારિત સમયસીમાની અંદર ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા, વિવિધ વિભાગો વચ્ચે બહેતર સંકલન સ્થાપિત કરવા તેમજ સુરક્ષિત, કાર્યક્ષમ અને યાત્રી-કેન્દ્રી રેલવે સેવાઓ સુનિશ્ચિત કરવાના નિર્દેશો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે અમદાવાદ મંડળ માલસામાનના પરિવહનની ક્ષમતા વધારવાની સાથે-સાથે આધુનિક અને વિશ્વસ્તરીય રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે સતત કાર્યરત છે.

# ગુજરાત હાઈકોર્ટની અવગણના બદલ શિક્ષણ વિભાગના સચિવને કોર્ટે રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારી અધિકારીઓની બેદરકારીને લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે શિક્ષણ વિભાગના સચિવને દંડ ફટકારતા શિક્ષણ વિભાગમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. શિક્ષણ વિભાગના સચિવે કોર્ટના હુકમનુ પાલન ન કરતા હાઈકોર્ટે રૂપીયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે. સચિવને વ્યકિતગત રીતે આ રકમ ભરવા ગુજરાત હાઈકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. કોર્ટે સચિવને દંડની પહોચ સાથે હાઈકોર્ટમાં હાજર થવા આદેશ કર્યો છે. ત્યારે હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કહ્યુ છે કે આ રકમ સરકારી ભંડોળમાંથી નહી પરંતુ અધિકારીએ વ્યકિતગત રીતે ભરવાની રહેશે. ઉપરાંત હાઈકોર્ટે આ રકમ વિદ્યાર્થીઓના શિક્ષણલક્ષી કાર્યો માટે વપરાશે તે પણ સ્પષ્ટ કહ્યુ હતું. બે શાળાઓની માન્યતા રદ કરવા બાબતેના કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટના આદેશનુ પાલન ન કરતા કાર્યવાહી કરી છે. બે શાળાઓની માન્યતા રદ કરવાના મુદ્દે થયેલી અરજી મામલે કેસની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે શિક્ષણ વિભાગને કાયદાકીય હુકમનુ પાલન કરવાનો આદેશ આપ્યો હતો. જો કે શિક્ષણ વિભાગની બેદરકારીને કારણે હાઈકોર્ટના હુકમનુ પાલન કરવામાં આવ્યુ ન હતું. હાઈકોર્ટના આ આદેશની અવગણના થતા હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કહ્યુ હતુ કે સરકારી બાબુઓ હાઈકોર્ટના આદેશની અવગણના કરી શકશે નહી. કોર્ટે સચિવને દંડની પહોચ સાથે હાજર થવા આદેશ કર્યો છે. હાઈકોર્ટના આ કડક વલણ બદલ સરકારી અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે.



# સાબરકાંઠા જિલ્લામાં ૦ થી ૫ વરસ સુધીના ૧.૭૦ લાખથી વધુ બાળકોને બાળ લકવા વિરોધી રસીના ટીપા પીવડાવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લામાં આગામી તારીખ ૨૮ જુન ૨૦૨૬ થી તારીખ ૩૦ જુન ૨૦૨૬ દરમિયાન બાળલકવા નાબુદી અભિયાન અંતર્ગત વિશાળ પોલીયો રસીકરણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અભિયાન હેઠળ નવજાત શીશુ થી લઈને ૫ વરસ સુધીના તમામ બાળકોને પોલીયો વિરોધી રસી આપવાનો મહત્વકાંક્ષી લક્ષ નકકી કરવામાં આવ્યો છે.

આ અભિયાનની સુચારૂ કામગીરી માટે તારીખ ૨૩/૬/૨૦૨૬ ના રોજ જિલ્લા સમાહર્તા, સાબરકાંઠાના અધ્યક્ષસ્થાને ડીસ્ટ્રીકટ ટાસ્ક ફોર્સ ની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓને સંકલનપૂર્વક કામગીરી અમલમાં મુકવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આગામી તારીખ ૨૮/૬/૨૦૨૬ ના આઈપીપીઆઈ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ૮ તાલુકાના ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૬ શહેરી આરોગ્ય કેન્દ્રોના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.

સમગ્ર જિલ્લામાં કુલ ૮૭૮ પોલીયો રસીકરણ બુથો તથા ૩૪ ટ્રાન્ઝિટ પોઈન્ટ મારફતે અંદાજીત ૧,૭૦,૯૧૫ બાળકોને પોલીયો રસીથી સુરક્ષિત કરવા આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કુલ ૩,૪૭૨ આરોગ્ય કર્મચારીઓ અને સ્વયં સેવકોની ટીમો કાર્યરત રહેશે. તેમજ ૧૭૫૬ ટીમો દ્વારા પોલીયો બુથો ઉપરાંત ઘરે ઘર જઈને પણ રસીકરણ કામગીરી હાથ ધરવામાં આવશે. સમગ્ર અભિયાન પર નજર રાખવા માટે જિલ્લા લાયઝન અધિકારીઓ સાથે ૧૭૩ સુપરવાઈઝરો દ્વારા સઘન મોનીટરીંગ અને સુપરવિઝન કરવામાં આવશે.

અભિયાનના વ્યાપક પ્રચાર પ્રસાર માટે રાજય અને જિલ્લા સ્તરે બેનર્સ, સ્ટીકર્સ તેમજ માઈક દ્વારા જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી દ્વારા આ અભિયાનનુ સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે. જેથી જિલ્લાના ૦ થી ૫ વરસના એકપણ બાળક પોલીયો રસી થી વંચિત ન રહે. બે બુંદ જીંદગીની, દરેક બાળક માટે અનિવાર્ય જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તમામ માતા પિતાને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ પોતાના બાળકોને નજીકના પોલીયો બુથ પર લઈ જઈને અવશ્ય રસી અપાવશે અને બાળકને બાળલકવા જેવી ગંભીર બિમારી થી સુરક્ષિત બનાવશે.

# પાટણ ધારાસભ્ય અને ચીફ ઓફીસર આમને સામને: બસસ્ટેન્ડ ની બીયુ પરમીશન મુદ્દે વિવાદ કોર્ટ સુધી પહોચ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણના રાજકારણમાં અચાનક ભારે ગરમાવો આવી ગયો છે. પાટણ નગરપાલિકાના ચીફ ઓફીસરે કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ સામે માનહાનિનો દાવો દાખલ કરતા સમગ્ર ઉત્તર ગુજરાતના રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. બસસ્ટેન્ડની બીયુ (બિલ્ડીંગ યુઝ) પરમીશનને લઈને શરૂ થયેલો વિવાદ હવે કાયદાકીય લડાઈમાં ફેરવાયો છે.



મળતી માહિતી અનુસાર તાજેતરમાં યોજાયેલી જિલ્લા સંકલન સમિતિની બેઠક દરમિયાન ધારાસભ્ય કિરીટ પટેલે પાટણના નવા બસસ્ટેશનની આપવામાં આવેલી બીયુ પરમીશન અંગે નગરપાલિકા તંત્ર સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે ખાસ કરીને ચીફ ઓફીસર સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હોવાનુ જાણવા મળે છે. ઉપરાંત શહેરના મુખ્ય માર્ગો પર વધતા આડેધડ પાર્કિંગ અને કથળતી ટ્રાફીક સમસ્યાનો મુદ્દો પણ તેમણે જોરશોરથી રજુ કર્યો હતો. ધારાસભ્યના આક્ષેપો બાદ નગરપાલિકા તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ચીફ ઓફીસરનુ માનવુ છે કે જાહેર મંચ પરથી કરવામાં આવેલા આક્ષેપોના કારણે તેમની વ્યકિતગત તેમજ વ્યવસાયીક પ્રતિષ્ઠાને નુકશાન પહોચ્યુ છે. આ કારણસર તેમણે કોર્ટમાં માનહાનીની અરજી દાખલ કરીને કાયદાકીય કાર્યવાહીનો માર્ગ અપનાવ્યો છે. સરકારી અધિકારી અને ચુંટાયેલા જનપ્રતિનિધિ વચ્ચેનો આ વિવાદ હવે રાજકીય મંચ થી આગળ વધી ન્યાયીક પ્રક્રિયા સુધી પહોચ્યો છે. આ કેસમાં કોર્ટમાં શું દલીલ થાય છે અને કયા પુરાવાઓ રજુ થાય છે તેના પર સૌની નજર ટકેલી છે. પાટણ શહેર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં આ મુદ્દો ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે. આગામી દિવસોમાં કોર્ટની કાર્યવાહી અને બંને પક્ષોના વલણથી આ વિવાદ વધુ ગરમાવવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

# ગુજરાત લોકભવન ખાતે આયોજિત ઐતિહાસિક શ્રીરામકથાનો પાંચમો દિવસ




ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે આયોજિત શ્રીરામકથાના પાંચમા દિવસે સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજે કૈકેયી દ્વારા પોતાના પુત્ર ભરત માટે રાજગાદી અને શ્રીરામના વનવાસની માંગણી, શ્રીરામનો પરિવારના સભ્યો સાથેનો સંવાદ જેવા પ્રસંગોનું વર્ણન કરીને ઉપસ્થિત ભાવિકોને ભાવવિભોર કરી દીધા હતા. કથાના પ્રારંભમાં આચાયશ્રીએ મંથરાના કુસંગને કારણે કૈકેયી દ્વારા માંગવામાં આવેલા બે વરદાનથી મહારાજા દશરથની મનોવ્યથાનું વર્ણન કર્યું હતું. આચાયશ્રીએ કહ્યું કે, જ્યારે કૈકેયીએ ભરત માટે રાજગાદી અને શ્રીરામ માટે ૧૪ વર્ષના વનવાસની વાત કરી ત્યારે શ્રીરામની મનોસ્થિતિ એવીજ રહી જ્યારે રામરાજ્યભિષેકના પ્રસ્તાવ સમયે હતી. આચાયશ્રીએ સમાજને સંદેશ આપતા કહ્યું કે, પરિવારમાં ભંગાણ ત્યારે જ આવે છે જ્યારે સાસુ-વહુ એકબીજા પર આધિપત્ય જમાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ રામકથા તો મૈત્રી અને સંસ્કારોનું મિલન શીખવે છે. સીતાજી જ્યારે શ્રીરામ સાથે વનવાસમાં જવા માટે જીદ કરે છે, ત્યારે તેમણે આપેલું નિવેદન અત્યંત હૃદયસ્પર્શી હતું. આચાયશ્રીએ કહ્યું કે, જેમ પાણી વગર નદી અને જીવ વગર શરીરની કોઈ શોભા નથી, તેમ પતિ વગર પત્નીની શોભા નથી. સીતાજીના વનગમન માટે માતા કૌશલ્યાની આજ્ઞા લેવાનો પ્રસ્તાવ એ ભગવાન રામની મર્યાદાનું ઉત્તમ ઉદાહરણ છે. માતા કૌશલ્યા અને સીતાજીના સંવાદ દ્વારા આચાયશ્રીએ આજના યુગ માટે શ્રેષ્ઠ ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું કે, શરીરમાં જે મહત્ત્વ શ્વાસનું છે, પરિવારમાં તે જ મહત્ત્વ સાસુનું છે. કૌશલ્યા માતાએ સીતાજીને આશીર્વાદ આપતા કહ્યું કે, વનને પણ તું તારું સાસરૂં સમજીને રહેજે. આ સંવાદમાં જ તે મંત્ર છુપાયેલો છે જેનાથી પરિવારમાં ઊંચા આદર્શો સ્થાપિત કરી શકાય છે. રામકથાના આ પાંચમા દિવસે ભજન અને મંત્રોચ્ચારથી વાતાવરણ દિવ્ય બની ગયું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલ રાજપૂત, ધારાસભ્ય શ્રી પ્રકાશ વરમોરા તથા લોકભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્માએ દીપ પ્રાગટય કર્યું હતું તથા આચાર્ય શ્રી કુલદીપજી મહારાજનું ફુલહાર દ્વારા સન્માન કર્યું હતું. લોકભવન પરિવાર તથા નગરજનોએ આ ભાવવાહી કથાનું રસપાન કરી ધન્યતા અનુભવી હતી.

# જેસી બેંક અમદાવાદ શાખા દ્વારા દિવંગત કર્મચારીઓના આશ્રિતો માટે સન્માન નિધિ વિતરણ કાર્યક્રમ આયોજિત

# ૦૯ દિવંગત શેરધારકોનું રૂા.૪૪.૩૧ લાખનું ધિરાણ માફ, આશ્રિત પરિવારોને આર્થિક સહાય તેમજ સન્માન નિધિ એનાયત

જે.સી.સી.એસ. બેંક (The Jackson Co-operative Credit Society Ltd.) ની અમદાવાદ શાખા દ્વારા ૨૫ જૂન ૨૦૨૬ ના રોજ દિવંગત કર્મચારીઓના આશ્રિતોના સન્માન તેમજ આર્થિક સહયોગ માટે એક ભાવનાત્મક "સન્માન નિધિ વિતરણ કાર્યક્રમ" નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો ઉદ્દેશ્ય તે દિવંગત શેરધારકોના પરિવારો પ્રત્યે બેંકની સંવેદનશીલતા, સામાજિક જવાબદારી અને પારિવારિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરવાનો હતો, જેમણે પોતાના સેવાકાળ દરમિયાન ભારતીય રેલવે અને બેંક પ્રત્યે સમર્પણ અને નિષ્ઠા સાથે સેવાઓ પ્રદાન કરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ મંડળ રેલવે મેનેજર, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ રહ્યા હતા. તેમણે દિવંગત કર્મચારીઓના આશ્રિતોને સન્માન નિધિ, આર્થિક સહાય તથા વિવિધ લાભોના ચેક વિતરણ કર્યા. પોતાના સંબોધનમાં શ્રી વેદ પ્રકાશ એ દિવંગત રેલવે કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા કહ્યું કે ભારતીય રેલવે પોતાના કર્મચારીઓ અને તેમના પરિવારોની સાથે સદાય ઉભી છે. તેમણે કહ્યું કે જેમણે પૂરી નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે રેલવેની સેવા કરી છે, તેમના પરિવારો પ્રત્યે રેલવે પ્રશાસનની પણ સમાન જવાબદારી છે. તેમણે ખાતરી આપી કે પાસ, પેન્શન અથવા રેલવે પ્રશાસન સંબંધિત કોઈપણ સમસ્યાના સમાધાન માટે રેલવે પ્રશાસન આ પરિવારોને પોતાના પરિવારના સભ્ય માનીને પ્રત્યેક સંભવ સહયોગ પ્રદાન કરશે.

તેમણે કહ્યું કે ભૂતકાળમાં અનેક રેલવે કર્મચારીઓ દીકરીના લગ્ન, મકાન બાંધકામ અથવા અન્ય જરૂરિયાતો માટે ખાનગી શાહુકારો પાસેથી અતિશય વ્યાજ દરો પર ધિરાણ લેવા માટે મજબૂર થઈ જતા હતા, જેનાથી તેઓ આર્થિક શોષણનો ભોગ બનતા હતા. તેમણે કહ્યું કે જેસી બેંકે રેલવે કર્મચારીઓને સરળ પ્રક્રિયા અને ઓછા વ્યાજ દર પર ધિરાણ ઉપલબ્ધ કરાવીને આ સમસ્યાના સમાધાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે તથા કર્મચારીઓને આર્થિક સુરક્ષા પ્રદાન કરી છે.

**૦૯ દિવંગત શેરધારકોનું રૂા.૪૪.૩૧ લાખનું ધિરાણ સંપૂર્ણપણે માફ**

કાર્યક્રમ દરમિયાન બેંક મેનેજમેન્ટ એ માનવીય સંવેદનાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા અમદાવાદ શાખાના ૦૯ દિવંગત શેરધારકોની કુલ બાકી ધિરાણ રકમ રૂા.૪૪,૩૧,૭૮૨/- (ચુંમાલીસ લાખ એકત્રીસ હજાર સાતસો બ્યાસી રૂપિયા) ને સંપૂર્ણપણે માફ કરવાની જાહેરાત કરી. આ નિર્ણય દિવંગત કર્મચારીઓના પરિવારોને આર્થિક રાહત પ્રદાન કરવાની દિશામાં બેંકની એક મહત્વપૂર્ણ અને સંવેદનશીલ પહેલ છે.



**રૂા.૨૮.૮૬ લાખની જમા પૂંજી અને રૂા.૫૦,૦૦૦ ની સહાયતા રકમ એનાયત**

બેંક દ્વારા દિવંગત કર્મચારીઓના આશ્રિત પરિવારોને તેમની સીટીડી (CTD) માં જમા રૂા.૨૮,૮૬,૨૭૫/- ની પૂંજીની ચૂકવણી કરવામાં આવી. આ ઉપરાંત પ્રત્યેક પાત્ર પરિવારને બેંક તરફથી રૂા.૫૦,૦૦૦/- ની સહાયતા રકમના ચેક પણ પ્રદાન કરવામાં આવ્યા, જેથી તેમને આર્થિક પીઠબળ પ્રાપ્ત થઈ શકે.


## પશ્ચિમ રેલ્વે

### ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ કાર્ય

ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ) પશ્ચિમ રેલ્વે, DRM ઓફિસ, એનેક્સ બિલ્ડિંગ ત્રીજો માળ દો-બત્તી રતલામ (M.P.) 457-001, ટેન્ડર સૂચના નંબર: EL-C-RTM-2026-03-T ને આમંત્રણ આપે છે. કામનું નામ: નાઈખેરી સ્ટેશન ચિંતામન ગણેશ સ્ટેશન અને રોહલખુર્દ (કોટા ડિવિઝન, WCR) - ભાટીસુડા (રતલામ ડિવિઝન) વચ્ચે પ્રસ્તાવિત નવા ઉજ્જૈન બાયપાસ માટે હાઇ સ્પીડ (160 કિમી પ્રતિ કલાક) 25 KV, 50 Hz, AC સિંગલ ફેઝ OHE ની ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ, જેમાં પશ્ચિમ રેલ્વેના રતલામ ડિવિઝનના નવા ઉજ્જૈન બાયપાસ લાઇન અને નવા નાગદા બાયપાસ લાઇન પ્રોજેક્ટ્સના સંદર્ભમાં નવા SSP ની જોગવાઈ, હાલની ફીડિંગ પોસ્ટમાં ફેરફાર અને ઉલ્લંઘન દૂર કરવાનો સમાવેશ થાય છે. અંદાજિત મૂલ્ય: ₹10,44,35,949.23/- બિડ ડિપોઝિટ: ₹20,88,700/- ઓનલાઈન બિડિંગ શરૂ થવાની તારીખ: 30.06.2026. ટેન્ડર બંધ થવાની તારીખ: 14.07.2026 ના રોજ બપોરે 15:00 વાગ્યે. વેબસાઇટની વિગતો: www.ireps.gov.in 0298

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલ્વે

### વિવિધ કાર્યો

પશ્ચિમ રેલ્વે, રતલામના ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ). ટેન્ડર નંબર: S&T/C/RTM/125/2026-27 ને આમંત્રણ આપે છે. કાર્યનું નામ: રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે (MP) ના સિંહસ્થ 2028 ના સંદર્ભમાં, ઇન્દોર અને લક્ષ્મીબાઈ નગર સ્ટેશનોના ડેડ એન્ડ્સની કનેક્ટિવિટીના સંદર્ભમાં, રતલામ ડિવિઝનના લક્ષ્મીબાઈ નગર અને ઇન્દોર સ્ટેશનો પર વિવિધ ઇન્ડોર અને આઉટડોર સિગ્નલિંગ સિસ્ટમ્સ અને ગિયર્સની સપ્લાય, ઇન્સ્ટોલેશન, યુટિલિટી શિફ્ટિંગ, પરીક્ષણ અને કમિશનિંગ સહિત હોટ સ્ટેન્ડબાય ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ સિસ્ટમની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ફેરફાર/સુધારણા, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને/કમિશન. કામની અંદાજિત કિંમત: ₹4,37,93,938/-. કમાણીની કિંમત: ₹8,75,900/-. બિડિંગ શરૂ થવાની તારીખ: 08.07.2026. બિડિંગ બંધ તારીખ અને સમય: તા. 22.07.2026 ના રોજ 15:00 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0299

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે નવી દિલ્હીમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શુભેચ્છા મુલાકાત કરી

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન ગુજરાતમાં ચાલતા વિવિધ વિકાસલક્ષી અને જનકલ્યાણકારી કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રધાનમંત્રીશ્રીને ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિના વ્યાપ અને તેના પરિણામો વિશે માહિતગાર કર્યા હતા. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી તરફ વાળવા અને ગાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા માટે રાજ્યભરમાં સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પોને અનુરૂપ રાજ્યમાં વીજળી બચત માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત લોકભવનના દિશા-નિર્દેશોથી સમગ્ર ગુજરાતની તમામ સરકારી કચેરીઓ, વિશ્વવિદ્યાલયો, નગરપાલિકા-મહાનગરપાલિકામાં વીજળી બચતનું અભિયાન મિશન મોડ પર ચાલી રહ્યું છે. મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી દ્વારા ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમો અંગે પણ ચર્ચા થઈ હતી. રાજ્યપાલશ્રીએ ગ્રામીણ સ્તરે સ્વચ્છતા, વૃક્ષારોપણ, પર્યાવરણ સંરક્ષણ, શિક્ષણ, સંસ્કાર, રોજગાર, આરોગ્ય, નશામુક્તિ, પશુપાલન, સરકારી યોજનાઓ, પ્રાકૃતિક કૃષિ, સામાજિક સમરસતા વગેરે માટે કરવામાં આવી રહેલી કામગીરીની વિગતો પ્રધાનમંત્રીશ્રીને આપી હતી. આ ઉપરાંત ગ્રામજનો સાથેના સીધા સંવાદ દ્વારા મળેલા સકારાત્મક પ્રતિભાવો વિશે પ્રધાનમંત્રીશ્રીને અવગત કર્યા હતા.

# રક્ષક જ જ્યારે ભક્ષક બને છે ત્યારે સવાલ એ ઉભો થાય છે કે શું ખાખી વર્દી એ ગુંડાગીરી કરવાનું લાયસન્સ છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

પોલીસ ખાતું એટલે શિસ્તની સાંકળથી બંધાયેલુ ખાતુ. જેમાં દરેક પોલીસ સ્ટેશનમાં એક રૂપાળું સૂત્ર વાંચવા મળશે '' MAY I HELP YOU'' એટલે કે હું તમારી શું મદદ કરી શકું છું. એવું સૂત્ર વાસ્તવમાં કેટલું સાર્થક થઈ રહ્યું છે એ તો જે પોલીસ સ્ટેશનના પગથિયાં ચઢે એને જ ખબર પડે. કારણ કે પોલીસ ઉપર પ્રજાને હવે વિશ્વાસ જ નથી.

અને આને અનુરૂપ જ બિહારના સામાજિક કાર્યકર્તાના ''બનાવટી એક્રાઉન્ટર'' પર ભાજપે જ પોતાની સરકાર પણ નિશાન સાધી ને બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને ફિક્સમાં મૂકી દીધા છે. આ મામલો છે બિહાર પોલીસ સાથેના એક્રાઉન્ટરમાં ૨૬ વર્ષીય ભારત ભૂષણ તિવારીના મૃત્યુથી રાજ્યમાં તોફાન મચી ગયું છે.

ભોજપુરના શાહપુર વિસ્તારના બિલૌટી ગામના રહેવાસી તિવારી પુર, નદી ધોવાણ અને વિસ્થાપન જેવા મુદ્દાઓને સોશિયલ મીડિયા પર પ્રકાશિત હતા. તારીખ ૧૭ જૂનના રોજ તેમનું મોત થયું હતું. આ ભારત ભુષણ તિવારીનો કોઈ મોટો ગુનાહિત રેકોર્ડ નથી અને તે ''માનસિક રીતે અસ્થિર'' દેખાતા હતા. અને તિવારીએ ખરેખર આત્મસમર્પણ કર્યું હતું. તેથી પોલીસે આવી કાર્યવાહી (એનકાઉન્ટરની) ન કરવી જોઈતી હતી. આમ જોવા જઈએ તો તિવારીની નકલી એક્રાઉન્ટરમાં હત્યા કરવામાં આવી હતી. ઉપરાંત તિવારી દલિત વર્ગના મુદ્દા ઉઠાવી રહ્યા હતા.

એક બાજુ પોલીસે બે અલગ અલગ કારણો આપ્યા હતા. જેના કારણે આ કથિત એક્રાઉન્ટર અંગે ચર્ચા થઈ હતી. અહેવાલ મુજબ ૧૬ જૂન ના રોજ જારી કરાયેલા એક નિવેદનમાં પોલીસે જણાવ્યું હતું કે શાહપુર પોલીસ સ્ટેશન પાસે એક વ્યક્તિ હથિયાર લઈને ફરતો હોવાની માહિતી મળી હતી. અને પોલીસે પાછળથી કહ્યું હતું કે તે ખરેખર માનસિક રીતે અસ્થિર છે. વધુમાં કહેવામાં આવ્યું હતું કે તેને માનસિક આરોગ્ય સુવિધામાં ખસેડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા અને તેના કબજા માંથી હથિયાર મેળવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા હતા.

જોકે બીજા દિવસે જ્યારે કથિત નકલી એક્રાઉન્ટર થયું ત્યારે પોલીસે બીજું નિવેદન જાહેર કર્યું હતું જેમાં દાવો કર્યો હતો કે તેમણે ભોજપુર એસટીએફ ટીમ સાથે મળીને તેને શરણાગતિ સ્વીકારવા માટે બોલાવ્યો હતો. પરંતુ તેણે પોતાની પાસે રહેલી પિસ્તોલથી પોલીસ પર સમયાંતરે ગોળીબાર કરવાનું ચાલુ રાખ્યું હતું. પોલીસ તેમના જીવ અને સલામતી માટે ખતરો ગણાતા તેઓએ તે વ્યક્તિને નજીક જવાનો પ્રયાસ કર્યો અને તે વ્યક્તિ (તિવારી)એ પોલીસ પર ગોળીબાર કર્યો. જવાબમાં પોલીસ ટીમે સ્વબચાવ માં અને જનતાને બચાવવા માટે ગોળીબાર કર્યો. જે વ્યક્તિના પગમાં વાગી ત્યાર બાદ વ્યક્તિ તિવારીનું પટના મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (PMCH) પટનામાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. જ્યારે લોકોનું કહેવું છે કે મરનાર તિવારી પોતાની પિસ્તોલ ફેંકીને પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરતો હતો તે વીડિયોમાં દેખાઈ રહ્યું છે ત્યારે પોલીસે ગોળી મારવાનું કારણ શું?

આમ તિવારીના પરિવાર સહિત બિહારના તમામ વિપક્ષો હવે આ બાબતે બિહારની ભાજપ સરકાર પાસે ન્યાયની માંગ કરી જવાબદારોને સજા કરાવવા સજાગ બન્યા છે.

# દરીયાકાંઠાને મળશે અવિરત વિજળી : ૯૩ કરોડથી વધુના પ્રોજેકટનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત

## સુત્રાપાડામાં એમવીસીસી પ્રોજેકટનુ લોકાર્પણ અને લેટીસ પોલનુ ખાતમુહુર્ત : વાવાઝોડા સામે મજબુત કવચ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



દરીયાકાંઠાના ગીરસોમનાથ જિલ્લામાં વીજ પુરવઠાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવા માટે એક ઐતિહાસિક કદમ ઉઠાવવામાં આવ્યુ છે. ગીર સોમનાથ જિલ્લામાં વીજ માળખાના વિકાસ માટે કુલ ૯૩ કરોડથી વધુના વિવિધ પ્રોજેકટનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત ઉર્જા રાજય મંત્રી કૌશિક વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા એક ભવ્ય કાર્યક્રમમાં કરવામાં આવ્યુ હતું. આ પ્રોજેકટથી દરીયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડા જેવી આપત્તિઓ દરમિયાન પણ વિજળી ગુલ થવાની સમસ્યા ભુતકાળ બની જશે.

આ કાર્યક્રમ અંતર્ગત સુત્રાપાડા ખાતે ૬૦.૪૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા એમવીસીસી કેબલ પ્રોજકટનુ વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. અત્યાર સુધીમાં ૪૩ ફીડર પર ૬૦૭ સર્કિટ કિલોમીટર સુધી એમવીસીસી ની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવાઈ છે. આ સાથે જ ભવિષ્યમાં કુદરતી આપત્તિઓ સામે રક્ષણ મેળવવા ૩૩ કરોડના ખર્ચે વાવાઝોડા પ્રતિરોધક લેટીસ પોલ નેટવર્ક, નુ ખાતમુહુર્ત પણ કરવામાં આવ્યુ હતું. જે અંતર્ગત જિલ્લાના ૧૩૩ કિ.મી. ના વિસ્તારમાં મજબુત લેટીસ પોલ નાંખવામાં આવશે. ભુતકાળમાં આવેલા તૌકતે જેવા વિનાશક વાવાઝોડાથી વીજ માળખાને ભારે નુકશાન થયુ હતું. આ નવા આધુનીકીકરણથી દરીયાકાંઠા ના વિસ્તારોનુ વીજ માળખુ અત્યંત મજબુત બનશે. વધુમાં સુત્રાપાડા અને તાલાલા જેવા વિસ્તારોમાં અંડરગ્રાઉન્ડ વીજ નેટવર્ક ઉભુ કરવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો માનસિંહ પરમારે જણાવ્યુ હતુ કે જયોતિગ્રામ યોજનાના લીધે આજે છેવાડાના ગામો સુધી ૨૪ કલાક અવિરત વિજળી પહોચી રહી છે અને આ નવો પ્રોજેકટ ગીર સોમનાથના વિકાસને નવી ગતિ આપશે.

# અમદાવાદમાં સરકારી કાર્યક્રમોમાં હાજર ન રહેતા ભાજપના કોર્પોરેટરો પર આવશે તવાઈ: સંગઠને લીધી ગંભીર નોધ

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદ શહેરમાં યોજાતા સરકારી કાર્યક્રમોમાં કોર્પોરેટરોની ઓછી હાજરી ને લઈને શહેર ભાજપ સંગઠને ગંભીર નોધ લીધી છે. આગામી સામાન્ય સભા પહેલા શહેર ભાજપ અધ્યક્ષે કોર્પોરેટરોને સ્પષ્ટ સુચના આપતા જણાવ્યુ હતુ કે દરેક સરકારી અને જાહેર કાર્યક્રોમમાં તેમની હાજરી સુનિશ્ચિત કરવી જરૂરી છે.

મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક સમયથી વિવિધ સરકારી કાર્યક્રમોમાં કોર્પોરેટરોની હાજરી સંતોષજનક ન હોવાની ફરીયાદો આવી રહી છે. ખાસ કરીને સાબરમતી નદી સફાઈ અભિયાન સહિતના મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં અનેક કોર્પોરેટરો ગેરહાજર રહ્યા હોવાનુ ધ્યાન ઉપર આવ્યુ હતું. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શહેર ભાજપ અધ્યક્ષે કોર્પોરેટરોને ટકોર કરી છે અને આગામી સમયમાં દરેક સરકારી કાર્યક્રમોમાં હાજર રહેવા માટે સુચના આપી દેવામાં આવી છે. માત્ર હાજરી પુરતી નહી પરંતુ જનહિતના કાર્યક્રમોમાં સક્રિય ભાગીદારી પણ દર્શાવવાની જરૂરીયાત પર ભાર મુકવામાં આવ્યો છે. સુત્રોના જણાવ્યા અનુસાર સામાન્ય સભા પહેલા કોર્પોરેટરોને સંગઠન તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે શહેરના વિકાસલક્ષી અને જનકલ્યાણના કાર્યક્રમોમાં તેમની ઉપસ્થિતિ અનિવાર્ય છે. સરકારી કાર્યક્રમોમાં જનપ્રતિનિધિઓની ગેરહાજરી થી ખોટો સંદેશ જાય છે. તેથી હવે આ મુદે વધુ ગંભીરતા દાખવવામાં આવી રહી છે. શહેર ભાજપના આ પગલાને સંગઠનાત્મક શિસ્ત અને જનસંપર્ક મજબુત બનાવવા માટેના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં કોર્પોરેટરોની હાજરી અંગે સંગઠન દ્વારા વધુ કડક વલણ અપનાવવામાં આવે તેવી પણ ચર્ચા છે.

# પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ ટ્રાફીકમાં ફસાઈ જતા કમાન છટકી

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદ-કલોલ હાઈવે ઉપર ટ્રાફીકજામમાં ૪૫ મીનીટ સુધી ફસાયેલા ભાજપના વરીષ્ઠ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ પિત્તો ગુમાવ્યો હતો અને પોલીસ તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ઉપર બરાબરના બગડયા હતા.

કલોલ મહેસાણા હાઈવે પર ચાલી રહેલા ઔડાના ખોદકામને કારણે ભારે ટ્રાફીકજામ સર્જાયો હતો. આ જામમાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ અંદાજે ૪૫ મીનીટ સુધી ફસાઈ ગયા હતા. હાઈવે પર ન તો ડાયવર્ઝનનુ કોઈ બોર્ડ હતુ કે ન તો ટ્રાફીક કંટ્રોલ કરવા કોઈ પોલીસ જવાન હાજર હતો, આ બેદરકારી જોઈને અકડાયેલા નિતિન પટેલ સીધા જ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન પહોચી ગયા હતા. જો કે ત્યાં મોટા પોલીસ અધિકારીઓની ગેરહાજરી જોઈને તેમણે હાજર સ્ટાફને બરાબરનો ખખડાવ્યો હતો. આખરે તેમણે જિલ્લા પોલીસવડા અને માર્ગ મકાન વિભાગના સચિવને ફોન કરીને તાત્કાલીક ટ્રાફીક વ્યવસ્થા કરવા કડક સુચના આપી હતી.

આશ્ચર્યની વાત એ હતી કે જયાં ખોદકામ ચાલી રહ્યુ હતુ ત્યાં વાહન ચાલકો માટે ડાયવર્ઝન કે ચેતવણી આપતુ કોઈ જ બોર્ડ મુકવામાં આવ્યુ ન હતું. આટલો મોટો ટ્રાફીક જામ હોવા છતાં તેને કલીયર કરવા માટે રસ્તા પર પોલીસના કોઈ માણસો હાજર ન હતા. ટ્રાફીકમાં ફસાઈને પરેશાન થયેલા નિતિન પટેલનો પારો સાતમા આસમાને પહોચી ગયો હતો. તેઓ આ બેદરકારી અંગે રજુઆત કરવા સીધા જ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન પહોચી ગયા હતા. પરંતુ ત્યાં જઈને તેમનો ગુસ્સો વધુ ભભુકી ઉઠયો હતો. કારણ કે પોલીસ સ્ટેશનમાં ન તો કોઈ ડીવાયએસપી હાજર હતા કે ન તો કોઈ પોલીસ ઈન્સ્પેકટર, આખરે તેમણે પોલીસ મથકમાં હાજર અન્ય સ્ટાફ પર પોતાનો રોષ ઠાલવ્યો હતો. તેમણે નારાજગી વ્યકત કરતા કહ્યુ હતુ કે એક તરફ દેશના વડાપ્રધાન લોકોને ઈંધણ બચાવવાની અપીલ કરે છે. તો બીજી તરફ તંત્રની આવી બેદરકારીના કારણે હજારો વાહનોનુ ઈંધણ ટ્રાફીકમાં બરબાદ થઈ રહ્યુ છે. પોલીસ સ્ટેશનમાં કોઈ જવાબદાર અધિકારી ન મળતા, નિતિન પટેલે ત્યાં થી જ સીધો ગાંધીનગર જિલ્લાના પોલીસવડા અને માર્ગ મકાન વિભાગના સચિવને ફોન જોડયો હતો. તેમણે ફોન પર જ બંને ઉચ્ચ અધિકારીઓને હાઈવે પર ટ્રાફીક અને ખોદકામ અંગેની ગંભીર બેદરકારીની જાણ કરી હતી. તેમણે અધિકારીઓને આ મામલે તાત્કાલીક યોગ્ય ડાયવર્ઝન અને ટ્રાફીક પોલીસની વ્યવસ્થા કરવા માટે કડક શબ્દોમાં સુચનાઓ આપી હતી.

# ખાંભાના ચતુરી ગામે દાદાની નજર સામે ૫ વર્ષના બાળકને સિંહણે ફાડી ખાધો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ચતુરી ગામે ગત રાત્રે એક કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. અહીં એક સિંહણે ૫ વર્ષના બાળકને તેના દાદાની નજર સામેથી જ ઝૂંટવી લીધો હતો અને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. અમરેલી જિલ્લામાં છેલ્લા એક જ મહિનામાં સિંહના હુમલાની આ ત્રીજી ઘટના હોવાથી સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ચતુરી ગામે રહેતો ૫ વર્ષનો માસૂમ જીયાન દેવકુંભાઈ સીધા રાત્રિના સમયે તેના દાદાની આંગળી પકડીને દૂધ આપવા જઈ રહ્યો હતો. આ દરમિયાન અંધારામાંથી અચાનક ત્રાટકેલી સિંહણે માસૂમ જીયાન પર હુમલો કર્યો હતો. દાદા કાંઈ સમજે તે પહેલાં જ સિંહણ બાળકને તેમની નજર સામેથી જ ખેંચીને જંગલ તરફ ભાગી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો તાત્કાલિક લાકડીઓ લઈને માસૂમની વહારે દોડ્યા હતા.

# હવે હોટલ-રેસ્ટોરન્ટની જબરદસ્તીથી પાણીની બોટલ ગ્રાહકને પધરાવવાની મનમાની નહીં ચાલે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશભરમાં મોટાભાગની હોટલ-રેસ્ટોરન્ટોમાં ફ્રીમાં સ્વચ્છ પાણી આપવાનું જાણે કે બંધ કરી દેવાયું હોય એમ ફરજિયાત પણે ઠંડા પાણીની બોટલો બીલમાં એડ કરીને આપવામાં આવતી હોય છે. ત્યારે મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ના કમિશનર તુકારામ મુંઢેએ બુધવારે આદેશ બહાર પાડીને હોટલ-રેસ્ટોરન્ટ તથા ખાવા પીવાની આઈટમ વેચતા બધા જ ફૂડ જોઈન્ટસને કસ્ટમર્સ ને મફતમાં પીવાનું પાણી આપવા અને એ માટે કોઈ એકસ્ટ્રા ચાર્જ ન લેવા જણાવ્યું હતું.

કસ્ટમર્સ પાસેથી પીવાના પાણીના અલગથી ચાર્જ વસૂલ કરવામાં આવતા હોવાની વાત ધ્યાનમાં લઈને આ આદેશ બહાર પાડવામાં આવ્યો હતો.

આદેશમાં જણાવ્યું હતું કે ''કસ્ટમર્સ ને સ્વચ્છ પીવાનું પાણી આપવો એ સંસ્થાની જવાબદારી છે. જો કસ્ટમર પેકેજડ કે બોટલ્ડ વોટર નો આગ્રહ કરે તો એનો ચાર્જ તેની પાસેથી વસુલી શકાય, પરંતુ જો તે પીવાનું સારું પાણી માંગે તો એ માટે તેની પાસેથી ચાર્જ વસૂલવો યોગ્ય નથી.''

FDAએ બુધવારે બહાર પાડેલા આદેશથી એટલુ તો ચોક્કસ છે કે હવે પહેલેથી જ પાણીની બોટલો ટેબલ પર મૂકીને એના પર ચાર્જ લગાવવાની ચાલાકી હવે નહીં ચાલે. એટલે કે હોટલ-રેસ્ટોરન્ટે કસ્ટમર્સને ફ્રીમાં જ સ્વચ્છ પાણી આપવું પડશે.

# ભાજપના કાર્યકરનો બળાપો : ભાજપને લાવીને અમારા અરમાન થયા પુરા: ખેડુત આંદોલનના સમર્થનમાં માળીયા તાલુકા ભાજપ ઉપપ્રમુખે આપ્યુ રાજીનામું

પ્રતિનિધિ,ગાંધીનગર



ભાજપના કાર્યકરોએ ખોબેખોબા મત આપી આજે ભાજપને કેન્દ્રમાં બેસાડયા બાદ હવે કાર્યકરોના કામો ન થતા કાર્યકરો પણ હવે બળાપો કાઢી કહી રહ્યા છે કે ભાજપને લાવીને અમારા અરમાનો પુરા થયા, હવે ભાજપને લાવીને કોઈ ફાયદો થતો નથી. મોરબી જિલ્લાના રાજકારણમાંથી મોટા સમાચાર પ્રાપ્ત થયા છે. દેશ અને રાજયમાં ચાલી રહેલા ખેડુત આંદોલનની સીધી અસર હવે સત્તાધારી પક્ષ ભાજપના આંતરીક સંગઠન પર જોવા મળી રહી છે. ખેડુતોની પડતર માંગણીઓ અને આંદોલનના સમર્થનમાં ભાજપના હોદ્દેદારોમાં નારાજગીનો સુર ઉઠયો છે. જેના લીધે મોરબી ભાજપના રાજકારણમાં મોટો ખળભળાટ મચી જવા પામ્યો છે. માળીયા તાલુકા ભાજપના ઉપપ્રમુખ ભાવિક કાવરે પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપીને પક્ષને મોટો ઝટકો આપ્યો છે. ભાવિક કાવરે રાજીનામુ આપતા ખુલ્લેઆમ જણાવ્યુ હતુ કે લાંબા સમયથી ચાલી રહેલા ખેડુત આંદોલનનો સરકાર ઝડપથી કોઈ સકારાત્મક ઉકેલ લાવશે તેવી આશા હતી. પરંતુ લાંબો સમય વિતવા છતાં પણ સરકાર દ્વારા કોઈ યોગ્ય ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેથી ખેડુતોના હિત માં હું મારા પદ પરથી રાજીનામુ આપુ છું. માળીયા તાલુકા ભાજપના સત્તાવાર પદ પર થી ભાવિક કાવરના રાજીનામા બાદ સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી જવા પામ્યો છે. ભાજપના જ હોદ્દેદારો હવે ખેડુતોના મુદ્દે પોતાની જ સરકાર સામે નારાજગી વ્યકત કરી રહ્યા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા વિપક્ષને પણ મોટો મુદ્દો મળ્યો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં મોરબી જિલ્લા અને આસપાસના ગામડાઓમાંથી ભાજપના અન્ય કેટલાક નાના મોટા હોદ્દેદારો પણ ખેડુતોના સમર્થનમાં રાજીનામા ધરી દે તેવી પુરેપુરી શકયતાઓ સેવાઈ રહી છે.

# ગુજરાતના ૧૮ અધિકારીઓને આઈએએસ તરીકે બઢતી અપાઈ: ૧૭ અધિકારીઓ સીલેકટ લીસ્ટ ૨૦૨૫માંથી

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત રાજયની વહિવટી સેવાના ૧૮ અધિકારીઓને ભારતીય વહિવટી સેવા (આઈએએસ) માં બઢતી મળતા રાજયના વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ ફેરફારનો માર્ગ ખુલ્યો છે. કેન્દ્રીય કર્મચારી અને તાલીમ વિભાગ (ડીઓપીટી) દ્વારા ૨૫ જુન ૨૦૨૬ ના રોજ ગેઝેટ નોટીફીકેશન બહાર પાડીને આ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

આઈએએસ બઢતી મેળવનારા અધિકારીઓમાં (૧) આર એન કુચારા (૨) આર પી પટેલ (૩) સી પી ગણાત્રા (૪) સી એ ગાંધી (૫) બી એન પટેલ (૬) એમ કે જોશી (૭) એ કે જોશી (૮) કે એસ ઝાલા (૯) વી કે જાદવ (૧૦) ડી કે પટેલ (૧૧) બી એચ પટેલ (૧૨) આઈ આર વાળા (૧૩) એમ ડી ચુડાસમા (૧૪) બી એસ પ્રજાપતિ (૧૫) વી જી પટેલ (૧૬) એ કે વસાવા (૧૭) પી બી શેઠ (૧૮) બી કે જોશી

વર્ષ ૨૦૨૫ ની ખાલી જગ્યાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી સીલેકટ લીસ્ટમાં થી ૧૭ અધિકારીઓને આઈએએસ કેડરમાં સ્થાન આપવામાં આવ્યુ છે. અમદાવાદ ટ્રિબ્યુનલના આદેશના પાલનરૂપે સીલેકટ લીસ્ટ ૨૦૨૪ માં થી એક વધારાના અધિકારીને પણ આઈએએસ માં સામેલ કરવામાં આવ્યા છે. બઢતી મેળવનાર તમામ અધિકારીઓને પ્રારંભિક તબકકે પ્રોબેશન પર નિયુકત કરવામાં આવશે. તેમની સીનીયોરીટી અને એલોટમેન્ટ વર્ષ અંગેની પ્રક્રિયા આગળ હાથ ધરાશે. આ તમામ નિમણુંકો ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી કેટલીક અરજીઓના અંતિમ ચુકાદાને આધિન રહેશે. ગુજરાતમાં અનેક મહત્વપૂર્ણ વહિવટી પદો હાલ વધારાના ચાર્જ હેઠળ ચાલી રહ્યા છે. નવા પ્રમોટી આઈએએસ અધિકારીઓ મળતા આ સ્થિતિનમાં સુધારો થવાની શકયતા છે. કલેકટર, મ્યુનિસીપલ કમિશ્નર, જિલ્લા વિકાસ અધિકારી અને વિભાગીય વડા જેવા પદો પર અનુભવી અધિકારીઓની ઉપલબ્ધતા વધશે. અનુભવી અધિકારીઓના સમાવેશ થી નીતી અમલીકરણ, જાહેર સેવાઓ અને વિકાસલક્ષી યોજનાઓના સંચાલનમાં વધુ કાર્યક્ષમતા આવવાની અપેક્ષા છે.

# ગુજરાતના સહકારી ક્ષેત્રમાં મોટો ભડકો: દિગ્ગજ કિસાન નેતા જયેશ પટેલની ધમાકેદાર ઘરવાપસી

## ઓલપાડ વીજ ટાવર પાવર ગ્રીડ આંદોલનથી લડત વધુ તેજ થઈ: સત્તાધારી પક્ષ ભાજપ અને સહકારી માળખા માટે ચિંતાનો વિષય

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતના સહકારી રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા અને ચોકાવનારા સમાચારો બહાર આવી રહ્યા છે. દક્ષિણ ગુજરાતના દિગ્ગજ અને અગ્રણી સહકારી કિસાન નેતા જયેશ પટેલ દ્વારા સત્તાવાર રીતે પોતાના જુના સંગઠનમાં ઘરવાપસી કરી લેવામાં આવી છે. સુમુલ ડેરી ના પૂર્વ ડીરેકટર રહી ચુકયા અને ભારતીય જનતા પાર્ટીના સક્રિય ખેડુત નેતા તરીકે જાણીતા જયેશ પટેલની સુમુલમાંથી સદસ્યતા રદ થતા જ સમગ્ર રાજયના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

સુમુલ ડેરીમાંથી તેમનુ નામ કમી થવાના ગણતરીના દિવસોમાં જ તેમણે ગુજરાત ખેડુત સમાજ માં પુનઃ પ્રવેશ કરીને સહકારી ક્ષેત્રના જુના સમીકરણોને સંપૂર્ણપણે બદલી નાંખ્યા છે. પોતાના સંગઠનમાં ઘરવાપસી કરતાની સાથે જ કિસાન નેતા જયેશ પટેલ તુરંત એકશન મોડમાં આવી ગયા છે. તેમણે ઓલપાડ ખાતે સ્થાનિક ખેડુતોના હિત અને જમીન બચાવવા માટે શરૂ થયેલા પાવરગ્રીડ ટાવર વિરોધ આંદોલનની મુખ્ય કમાન પોતાના હાથમાં સંભાળી લીધી છે. ઓલપાડ વિસ્તારમાં ખેડુતોની મંજુરી વિના કે અપુરતા વળતર સાથે કિંમતી જમીનોમાંથી પસાર થઈ રહેલા હાઈવોલ્ટેજ વીજ ટાવર ના વિરોધમાં વિશાળ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ વિરોધ પ્રદર્શન અને રેલીમાં સેંકડો સ્થાનિક ખેડુતો સાથે જોડાઈને જયેશ પટેલે સક્ષમ વહિવટી અધિકારીને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. તેમણે ખેડુતોને સંબોધતા સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો જગતના તાત ને યોગ્ય વળતર અને ન્યાય નહી મળે તો આ આંદોલનને ઉગ્ર સ્વરૂપ આપી સમગ્ર ગુજરાતના સ્તરે વિસ્તારમાં આવશે.

નોંધનીય છે કે જયેશ પટેલ લાંબા સમય સુધી સત્તાધારી પક્ષ ભાજપની વિચારધારા સાથે જોડાયેલા રહીને સહકારી પ્રવૃત્તિઓમાં સક્રિયા રહ્યા હતા. જો કે સુમુલ ડેરીના આંતરીક વિવાદો અને વહિવટી તંત્ર દ્વારા વેરભાવ રાખી તેમનુ નામ કમી કરવાના લીધેલા આકરા નિર્ણયને પગલે તેમની રાજકીય અને સામાજિક સફરમાં આ મોટો વળાંક આવ્યો છે.

રાજકીય વિશ્લેષકોના મતે જયેશ પટેલની ઘરવાપસી થી ગુજરાત ખેડુત સમાજ ને દક્ષિણ ગુજરાતમાં નવુ સંગઠનાત્મક બળ મળશે. તો બીજી તરફ સહકારી ક્ષેત્ર પર પોતાની એકચક્રી પકકડ જાળવી રાખવા મથતી સત્તાધારી ભાજપ પાંખ માટે આગામી સ્થાનો ચુંટણીઓમાં મુશ્કેલીઓ વધી શકે છે. ઓલપાડનુ આ પાવરગ્રીડ આંદોલન હવે આગામી દિવસોમાં ગુજરાતના કિસાન રાજકારણની દિશા નકકી કરશે તે બાબત ચોકકસ છે.

# વિરમગામ-સુરેન્દ્રનગર હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં એકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વિરમગામથી સુરેન્દ્રનગરને જોડતા સ્ટેટ હાઈવે પર વાહનોની અનિયંત્રિત ગતિ અને ઓવરટેકિંગના કારણે અકસ્માતોની હારમાળા અટકવાનું નામ નથી લઈ રહી. ગઈકાલે વિરમગામ હાઈવે પર આવેલા થોરીમુબારક ગામની સીમમાં અને નર્મદા કેનાલના વળાંક નજીક કાળજું કંપાવી દેતો એક ત્રિપલ અકસ્માત લાઈવ નોંધાયો હતો. એક પુરપાટ ઝડપે આવી રહેલી કાર, પેસેન્જર રિક્ષા અને મોટરસાયકલ વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાયો હતો, જેમાં વાહનોના ફુરચેફુરચા ઉડી ગયા હતા.

આ ભયાનક ટક્કરમાં પોતાના મોટરસાયકલ પર સવાર થઈને પસાર થઈ રહેલા સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના સાકળ ગામના લાભુભાઈ ગીધાભાઈ મકવાણા (ઉ.વ. ૩૫) રોડ પર પટકાતા તેમને શરીરે અને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થઈ હતી. વધુ પડતું લોહી વહી જવાના કારણે લાભુભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું લાઈવ મોત નીપજ્યું હતું. ૩૫ વર્ષના આશાસ્પદ યુવાનના મોતના સમાચાર સાકળ ગામે પહોંચતા જ મકવાણા પરિવારમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

આ અકસ્માત એટલો સજ્જડ હતો કે રિક્ષામાં સવાર અન્ય મુસાફરો અને એક નિર્દોષ બાળક પણ તેની લાઈવ ઝપેટમાં આવી ગયા હતા. અકસ્માતને પગલે હાઈવે પર ચીસાચીસ મચી ગઈ હતી અને કેનાલ રોડ પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરીને ત્રણેય ગંભીર ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં વિરમગામની ખાનગી હોસ્પિટલમાં ઈમરજન્સી મેડિકલ સપોર્ટ માટે શિફ્ટ કર્યા છે. ઘટનાની જાણ થતાં જ વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલ મોકલી આપીને અકસ્માત સર્જનાર વાહનો કબ્જે કરી કાયદેસરની તપાસ લાઈવ શરૂ કરી છે.